**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**



સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ પાલનપુરના વિદ્યાર્થીને બેસ્ટ એમ્બેસેડર તરીકે સન્માનિત કરાયા

જનસેતુ,પાલનપુર,તા.૨૯ : બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર.આર મેહતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ પાલનપુરના NSS સ્વયંસેવક ચૌધરી દિનેશભાઈ નારણાભાઈને ચાલુ વર્ષમાં શ્રેષ્ઠ કામગીરી બદલ બનાસકાંઠા જિલ્લા તથા પાલનપુર તાલુકા કક્ષાએ બેસ્ટ કેમ્પસ એમ્બેસેડર તરીકેની પસંદગી કરવામાં આવી, તથા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સિધ્ધિ બદલ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. યોગેશ બી. ડબગર, NSS પ્રોગ્રામ ઓફિસર પ્રો. આર.ડી. વરસાત અને ડૉ.એસ.આઈ. ગટીયાલાએ પણ વિદ્યાર્થીને અભિનંદન આપ્યા તથા શુભેચ્છા પાઠવી હતી દિનેશભાઈ ચૌધરીએ બી.કૉમ અભ્યાસ સાથે મતદાર જાગૃતિ,નવા ચુંટણી કાર્ડ કઢાવી આપવા, ચૂંટણી કાર્ડમાં જરૂરી સુધારા કરી આપવા તથા અન્ય ચૂંટણીલક્ષી પ્રોગ્રામ અને મતદાર જાગૃતિ અંગેની નોંધપાત્ર કામગીરી કરીને આ સિધ્ધિ મેળવી છે.

This Article is about our student who was honoured as the best ambassador. NSS volunteer Chaudhury Dineshbhai Naranbhai was selected as the best Campus Ambassador at Banaskantha district and Palanpur Taluka levels for the best performance in the current year. He received this honour for Voter Awareness, Issuance of New Election Cards, and Necessary Amendments in Election Cards. The felicitation program was held at Collector Office, Palanpur.

Date: 23/6/2023



પાલનપુરમાં આવેલા જુદા-જુદા મહાન વ્યક્તિઓ
પ્રતિમાઓની સફાઈ તથા સન્માન કાર્યક્રમનું આયો

બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર.આર. મહેતા કૉલેજ ઑફ સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ પાલનપુરના એન.એસ.એસ. યુનિટ ધ્વારા આજ રોજ સ્વચ્છતા અભિયાન અંતર્ગત પાલનપુરમાં આવેલા જુદા-જુદા મહાન વ્યક્તિઓની પ્રતિમાઓની સફાઈ તથા સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં એન.એન.એસ. ના ૨૧ જેટલા વિદ્યાર્થીઓએ પાલનપુરના વિવિધ સ્થળોએ આવેલી સ્વામી વિવેકાનંદની પ્રતિમા, ડો. બી.આર. આંબેડકરની પ્રતિમા, મહારાણા પ્રતાપની પ્રતિમા, બનાસ ડેરીના સ્થાપક ગલબાભાઈની પ્રતિમા વગેરેની સાફ સફાઈ કરી તથા ફૂલહારથી સન્માનિત કરવામાં આવી. આ કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ ડો. યોગેશ બી. ડબગર હાજર રહ્યાં હતા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કોલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. આર.ડી. વરસાતે કર્યું હતું.

Printed, Published and Owned by: DIPAKKUMAR KISHANLAL SINDHI and Printed at S

This article is about cleaning and honouring the statues of different great personalities in Palanpur.

A cleaning and honouring program of statues of different great personalities in Palanpur was organized as part of NSS cleanliness campaign.

Date:- 07/10/2023

Number of students participating:- 21

Cleaned Statues:- Swami Vivekananda, Dr. B. R. Ambedkar, Maharana Pratap and Galbabhai, the founder of Banas Dairy

**5.3.2 - Institution facilitates students’ representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

## પાલનપુર સાયન્સ કોલેજમાં વૈજ્ઞાનિક ઢબે પોસ્ટર બનાવવાની કાર્યશાળાનું આયોજન



બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર આર મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોલેજ ઓફ કોમર્સમાં સોસાયટી ફોર બડિંગ બાયોલોજિસ્ટ દ્વારા તારીખ ૧૫-૯-૨૦૨૩ ના શુક્રવાર રોજ કઈ રીતે વૈજ્ઞાનિક ઢબે પોસ્ટર બનાવી શકાય તેની કાર્યશાળા રાખવામાં આવી હતી. આ કાર્યક્રમ માં લગભગ ૬૦ થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમની શરૂઆત સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કાર્યક્ર્મ માં અતિથિ વિશેષ તરીકે કોલેજના આચાર્ય ડો.વાય. બી. ડબગર દ્વારા પોતાના સંશોધન ના અનુભવો વિષે વિદ્યાર્થીઓને અવગત કર્યા તથા આશિર્વચન પાઠવ્યા.

બોટની વિભાગ ના આસી. પ્રો. ડો. ધ્રુવ પંડ્યા દ્વારા કઈ રીતે વૈજ્ઞાનિક ઢબે પોસ્ટર બનાવી શકાય તેની પદ્ધતિ સમજવું તથા પોતે લાઈવ કરીને બતાવી, જેથી આવનારા સમયમા નેશનલ કે ઈન્ટરનેશનલ કોન્ફરન્સ માં વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ પ્રદર્શન કરતા શીખે, આ કાર્યશાળાનો મૂખ્ય ઉદ્દેશ્ય હતાં. સમગ્ર કાર્યશાળાનુ સફળ સંચાલન ડૉ. હરેશ ગોંડલીયા દ્વારા કરવામાં આવ્યું. સમગ્ર કાર્યશાળાનું સફળ આયોજન ડો.ધ્રુવ પંડ્યા, ડો.હરેશ ગોંડલીયા અને કુ.અંકિતા કુગશીયા દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિભાગીય બિનશૈક્ષણિક સ્ટાફમિત્રો તથા ટીવાય બીએસસી બૉટની ના વિદ્યાર્થીઓનો ખૂબ સહયોગ રહ્યો.

અહેવાલ : રાકેશ પ્રજાપતિ (પાલનપુર)

### ભાભર તેમજ આજુબાજુ વિસ્તારમાં દિવસ દરમ્યાન વરસાદ આવતા લોકોમાં ખુશીનો માહોલ

ભાભર વિસ્તારમાં મોડીરાત્રે ગાજવીજ સાથે વરસાદ, એક દોઢ માસના વિરામ બાદ પડ્યો વરસાદ. લાંબા વિરામ બાદ વરસાદ પડતા, ખેડુતોમાં ખુશી જોવા મળી હતી. વરસાદ ખેંચાતા ખેતરોમાં લહેરાતો ચોમાસું પાકો સુકાઈ રહ્યા હતો. મોડેમોડે વરસાદ વરસતાં ચોમાસું પાક જીવતદાન મળ્યું. વરસાદથી ઠંડક પ્રસરી ગરમી માંથી લોકો ને રાહત મળી હતી.

અહેવાલ : સુનિલભાઈ ગોકલાણી (ભાભર)

This document is about poster making workshop at Science and Commerce College, Palanpur.

Date of program:- 15/09/2023

Organized by:- Society for Budding Biologists

Special Guest:- Dr. Y.B. Dabgar

Number of Students Participating in the Program:- More than 60

Trainer:- Dr. Dhruv Pandya, Assistant Professor, Botany Department

Purpose of organization:- To create awareness and provide guidance to the students to perform well in national and international conferences

## સાયન્સ અને કોમર્સ કોલેજ પાલનપુર ખાતે શિક્ષક દિનની ઉજવણી કરાઈ

(બનાસ બચાવો)
(તસવીર-અહેવાલઃભીખાલાલ પ્રજાપતિ)

■ બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર આર મહેતા કોલેજ ઓફ સાયન્સ અને સી એલ પરીખ કોલેજ ઑફ કોમર્સ, પાલનપુર ખાતે આજરોજ તા. ૫ /૯ /૨૦૨૩ ને મંગળવારે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સાયન્સ અને કોમર્સ વિભાગના મળીને કુલ ૯૦ થી વધુ વિદ્યાર્થીઓએ પ્રધ્યાપક, પ્રિન્સિપાલ, વાઈસ પ્રિન્સિપાલ, સેવકગણ તરીકે ભાગ લીધો હતો. જેમાં સાયન્સ અને કોમર્સના તમામ વિષયો તથા તમામ વર્ગો નિયમિત સમયપત્રક પ્રમાણે આયોજિત કરવામાં આવ્યા હતા. આ સમયપત્રક નું આયોજન તથા તેની ગોઠવણી પણ આજ રોજના પ્રાધ્યાપક બનેલા વિદ્યાર્થીઓ દ્વારા જ કરવામાં આવી હતી. સમય પત્રક મુજબ તાસ પૂર્ણ થયા બાદ અનુભવકથનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સંસ્થાના પ્રિન્સિપાલ શ્રી ડૉ. વાય બી ડબગર સાહેબ તથા વિષય વિભાગીય અધ્યક્ષ શ્રી આર જે પાઠક, ડૉ. જી ડી આચાર્ય, ડૉ. એમ કે પટેલ, પ્રા. ડી એન પટેલ અને અન્ય




પ્રાધ્યાપકગણ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. એસ આઈ ગટિયાલા, પ્રા. ડી એન પટેલ, પ્રા.આર ડી વરસાત વગેરેના માર્ગદર્શન હેઠળ ડૉ. અમી પટેલ, ડૉ .અંકિતા ચૌધરી, ડૉ. ધ્રુવ પંડ્યા, પ્રા. દીપક ચંદાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ધ્રુવ પંડ્યા તથા આજના પ્રાધ્યાપક બનેલા વિદ્યાર્થી મિત્રો દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા એક જૂથ થઈ સંસ્થાના તમામ પ્રાધ્યાપક મિત્રોએ સહકાર આપ્યો હતો.

This document is about Teacher's Day celebration at our College, Palanpur.

Date of programme:- 05/09/23

Number of Students Participated:- More than 90

Roles played by students on the occasion of Teacher's Day:- Principal, Vice Principal, Professor and Staff

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**



# સાયન્સ અને કોમર્સ કોલેજ પાલનપુર ખાતે રસાયણશાસ્ત્ર વિભાગમાં ધ આર્ટ ઓફ કેમેસ્ટ્રી કાર્યક્રમ યોજાયો

તસવીર-અહેવાલ : ભીખાલાલ પ્રજાપતિ

(બનાસ બચાવો)

■ બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર આર મહેતા કોલેજ ઓફ સાયન્સ અને સી એલ પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર ખાતે તા. ૪ /૯/ ૨૦૨૩ ના રોજ રસાયણશાસ્ત્ર વિભાગ ના જુનિયર અધ્યાપકો ડૉ.જ્યોતીન્દ્ર માહયાવંશી, ડૉ .અમી પટેલ, પ્રા. પૂજા મેસુરાણી, ડૉ. અંકિતા ચૌધરી, ડૉ. શ્વેતા પટેલ અને પ્રા. ફીઝા માસ્ટર દ્વારા કેમેસ્ટ્રીના રસાયણોની આર્ટિસ્ટિક રીતે રજુ કરી "ધ આર્ટ ઓફ કેમેસ્ટ્રી" નો કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં વિવિધ પ્રકારના રસાયણોનો ઉપયોગ કરીને અંધશ્રદ્ધા પાછળ માટેના કેટલાક તથ્યો રજૂ કરવામાં આવ્યા હતા જેમકે કુત્રિમ બ્લડ કાઢવું, જ્યોત વગર સળગાવવું વગેરે તથા રસાયણોનો ઉપયોગ કરીને કેમિકલ ટ્રાફિક લાઈટ, લાવા લેમ્પ, દ્રાવણમાં અણુઓની ગતિ વગેરે જેવી પ્રક્રિયાઓ પ્રાયોગિક રીતે બતાવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રિન્સિપાલ શ્રી ડૉ.વાય બી ડબગર એ હાજરી આપી આવા વધુ કાર્યક્રમો આયોજીત કરવા પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

વિભાગીય અધ્યક્ષ ડૉ. જી ડી આચાર્ય તથા રસાયણ વિભાગના સિનિયર પ્રાધ્યાપકશ્રીઓ ડૉ. પી એસ પટેલ, ડૉ. એમ આર સોલંકી, ડૉ. એસ આઈ ગટિયાલા, ડૉ. કે વી મહેતા વગેરે એ સમયસર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

This document is of The Art of Chemistry program held at the Department of Chemistry at Science and Commerce College, Palanpur.

Date:- 04/09/2023

Objective of the Program:- To present some facts behind superstitions using different types of chemicals

Program Activities:- Artificial blood extraction, cremation without flame

Chemical processes shown in the programme:- Chemical traffic light, Lava lamp, Motion of molecules in solution

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

### આર આર મહેતા કોલેજ ઓફ સાયન્સ પાલનપુર ખાતે
## ગુજરાત સ્ટેટ બાયોટેક મિશન ઉપક્રમે એક દિવસીય વ્યાખ્યાનનું આયોજન કરાયું



જનસેતુ,પાલનપુર,તા.૦૯ : બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સના માઈક્રોબાયોલોજી વિભાગ દ્વારા "Supprot system fro Innovation and Bioentrepreneurship" અંતર્ગત તારીખ ૮/૯/૨૦૨૩ના રોજ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલું. વ્યાખ્યાનના વકતા હડમતભાઈ ગઢવી, મેનેજર ઈન બિઝનેસ ડેવલોપમેન્ટ, ગુજરાત સ્ટેટ બાયોટેક મિશન, ગાંધીનગર દ્વારા સાયન્સ અને કોમર્સના વિદ્યાર્થીઓને રિસર્ચ અને બિઝનેસ ડેવલોપમેન્ટમાં ગવર્મેન્ટ ઓફ ગુજરાત, ડીએસ આઈ આર ઈન્ડિયા, GS BTM, STBI અને GBRC અલગઅલગ સ્કીમથી વિદ્યાર્થીઓને મદદ કરે છે તે બાબતથી માહિતગાર કર્યા હતા. તદુપરાંત જીએસબી ટી એમમાં કયા કયા પ્રોજેક્ટ હાલ ચાલી રહ્યા છે અને ભવિષ્ય માં થનાર પ્રોજેક્ટ બાબતે વિદ્યાર્થીઓને માહિતગાર કરેલા. આ કાર્યક્રમમાં કોલેજ કેમ્પસના ડાયરેક્ટર કે.ડી. શામલ, પ્રિન્સિપાલ વાય. બી. ડબગર, ફિઝિક્સ વિભાગના અધ્યક્ષ ડો.આર. જે. પાઠક અને ડો. જી.ડી. આચાર્ય હાજર રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું આયોજન માઈક્રોબાયોલોજી વિભાગના હેડ પ્રો. સાલેહામેમન, પ્રોફેસર કામન પટેલ અને લેબ આસિસ્ટન્ટ અજયસિંહ રાજપૂત દ્વારા ડો. આર જેપા ઠકસરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

This article is about a lecture on Support System Innovation and Bio-Entrepreneurship organized by Gujarat State Biotech Commission at Science and Commerce College, Palanpur.

Lecture Topic:- Support System Innovation and Bio-Entrepreneurship

Date:- 08/09/2023

Speaker :- Mr. Hadmatbhai Gadhvi (Manager in Business Development)

Information given in the lecture:- Information about the benefits of different schemes of Government of Gujarat, DSIR India, STDI and GBRC in research and business development.

**JAI HIND-AHMEDABAD**

### સ્પર્ધામાં ૩૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો
## પાલનપુરની સીએલ પરીખ કોલેજમાં વકતૃત્વ સ્પર્ધા યોજાઇ

પાલનપુર, તા. ૨

બનાસકાંઠા જિલ્લા કેળવણી મંડળ સંચાલિત આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર દ્વારા જી૨૦ અંતર્ગત ડિજિટલ અને સોશિયલ મીડિયા અંગે જાગૃતિ ફેલાય તે માટે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનો વિષય હતો 'સોશિયલ મીડિયાના ફાયદા ગેરફાયદા' જેમાં ૩૧થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન આચાર્ય ડો. વા.બી. ડબગર માર્ગદર્શન નીચે જી૨૦ના કન્વીનર ડો. એમ.આર. સોલંકીએ કર્યું હતું. વકતૃત્વ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની જવાબદારી ડો. અમીબેન પટેલ અને પ્રો. હેતલબેન રાઠોડએ સંભાળી હતી. ડો. જ્યોતિન્દ્ર માયાવંશી અને રસાયણશાસ્ત્ર વિભાગનો સ્ટાફ કાર્યક્રમમાં હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

This article is about the Elocution Competition organised under the banner of G20 at Science and Commerce College, Palanpur to spread awareness about digital and social media.

Date: 01/09/2023

Topic of Competition:- Advantages and Disadvantages of Social Media

Number of students appearing in the competition:- 31

Judges :- Dr. Amiben Patel and Prof. Hetalben Rathod

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**



" ચાલો સત્યની સાથે"

PRESS

**BAUDDHIK BHARAT GUJARATI NEWS**

www.bauddhikbharat.in

DATE - 03-09-2023

B ભારત

LIVE TV BREAKING NEWS

તંત્રી - ભરત જોશી બૌદ્ધિક ભારત    સહતંત્રી - નિકિતા જોશી બૌદ્ધિક ભારત

રિપોર્ટર - રાકેશ કે.પ્રજાપતિ બૌદ્ધિક ભારત પાલનપુર, સંપર્ક + 91 94290 23569

**ગ્રીન ઓડિટ કમિટી અને સોસાયટી ફોર બડીંગ બાયોલોજિસ્ટ દ્વારા બોટનિકલ ટ્રીપનું આયોજન**

બનાસકાંઠા ડીસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર આર મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી એલ પરીખ કોલેજ ઓફ કોમર્સમાં ગ્રીન ઓડિટ કમિટી તથા સોસાયટી ફોર બડીંગ બાયોલોજીસ્ટ દ્વારા ૧ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ એક દિવસીય બોટનિકલ ટ્રીપનું આયોજન કરવામાં આવ્યું. આ ટ્રીપ માં એસ. વાય. તથા ટી વાય. બોટની ના ૫૭ વિધાર્થીઓ તથા ૫ સ્ટાફ મિત્રો જોડાયા. ટ્રીપ દરમિયાન વિદ્યાર્થીઓએ સાબરમતી રિવરફ્રન્ટ ગાર્ડન તથા કાંકરિયા ઝૂ ની મુલાકાત લીધી. સાબરમતી રિવરફ્રન્ટ ગાર્ડનમાં બોટની વિભાગના આસી. પ્રો. ડૉ. ધ્રુવ પંડ્યા તથા રિવરફ્રન્ટ ના ગાર્ડન ઇન્સ્પેકટર કુ. હર્ષિદાબહેને વિદ્યાર્થીઓને અર્બન લેન્ડસ્કેપિંગ, ગાર્ડનના ઘટકો, ગાર્ડનના ફિચર્સ, સુશોભનીય વનસ્પતિઓ, બોન્સાઈ, એવન્યું ટ્રી જાત વગેરે વિષે પ્રત્યક્ષ ઉદાહરણ સહિત માહિતી આપી. આ કાર્યક્રમમાં રિવરફ્રન્ટ ડેવલપર્સ કોર્પોરેશન લિમિટેડ સંસ્થાનો ખૂબ સહકાર રહ્યો. ત્યારબાદ વિધાર્થીઓએ કાંકરિયા ઝૂ ની પણ મુલાકાત લીધી કે જેમાં દરેક પ્રાણી વર્તણૂક, ખોરાક, પ્રજનન વિષે જાણકારી મેળવી; સાથે સાથે ઝૂ માં આવેલ અન્ય ઔષધીય વનસ્પતિઓની પણ જાણકરી મેળવી. સમગ્ર ટ્રીપ નું સફળ આયોજન અને સંચાલન બોટની વિભાગ ના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. ધ્રુવ પંડ્યા, કુ. અંકિતા કુગશિયા, કુ. અમી પ્રજાપતી તથા શ્રી વિક્રમભાઈ દ્વારા કરવામાં આવ્યું. સમગ્ર ટ્રીપ દરમિયાન સેવાકર્મી શ્રી કેશાભાઈ તથા બોટની ના વિદ્યાર્થિઓ ધ્રુવિલ ચૌધરી, વિક્રમ ચૌધરી, દક્ષ પ્રજાપતિ, હેત ઠાકર તથા વિપુલ ચૌધરી, હાર્દિક પ્રજાપતિનો ખૂબ સહકાર રહ્યો

PRESS PRESS

" ચાલો સત્યની સાથે"

EDITOR - BHARAT JOSHI MOB. NO. 9925454595, 9016920117

This report is about a botanical trip organized by the Green Audit Committee and Society for Budding Biologists.

Date :- 03/09/2023

Students and staff participating in the trip:- 57 students from Second and Third Years of Botany and 5 staff members

In collaboration with:- Riverfront Developers Corporation Limited

Places visited during the trip:- Sabarmati Riverfront Garden and Kankariya Zoo

Information given during the visit:- 1. Information about the components of urban landscape garden, garden features, ornamental plants, bonsai, avenue tree varieties, etc.

2. Information about each animal's behavior, food, reproduction, and other medicinal plants were also obtained at Kankaria Zoo.

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

## આર.આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ,પાલનપુરમાં રાખી મેકીગ સ્પર્ધા યોજાઈ




બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર આર મહેતા કોલેજ ઓફ સાયન્સ અને સી એલ પરીખ કોલેજ ઓફ કોમર્સ,પાલનપુર ખાતે કાર્યરત વુમન એમ્પાવરમેન્ટ સેલ (ઝઉઢ્ઢઝ) અંતર્ગત રક્ષાબંધન ના પર્વ નિમિત્તે સેલના કન્વીનર ડૉ. એસ. આઈ.ગટીયાલા ના માર્ગદર્શન હેઠળ તા ૨૮/૦૮/૨૦૨૩ ના રોજ 'રાખી મેકીગ સ્પર્ધા' નું આયોજન કરેલ હતું. જેમાં વિવિધ પ્રકારનીરાખડીઓ બનાવી હતી, જેમાં રંગબેરંગી ઉનના રેસમના દોરનો, મોરપંખનો, મોતીઓનો તેમજ જરીવાલા પપેરનો ઉપયોગ કર્યોહતો. જેમાં સાયન્સ અને કોમર્સ કોલેજ ની વિધ્યાર્થીનીઓ એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલશ્રી ડો. યોગેશભાઈ ડબગર એ હાજર રહી વિદ્યાર્થિનીઓને આવા કાર્યક્રમમાં વધુ ને વધુ ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.કાર્યક્રમમાં મહિલા કર્મચારીઓ ડૉ. અમી પટેલ, પ્રો. પૂજા મેસુરાણી, ડો. અંકિતા ચૌધરી, પ્રો.હેતલ રાઠોડ, પ્રો. સાલેહા મેમન, સુનિતાથુંબડીયા વગેરે પણ હાજરી આપી હતી. કાર્યક્રમને અંતે ડો. અંકિતા ચૌધરીએ આભાર વિધિ કરી કાર્યક્રમને વધુ સફળ બનાવ્યો હતો.

This Article is about Rakhi Making Competition organised by Women Empowerment Cell on the occasion of Rakshabandhan at R. R. Mehta College of Science &c. L. Parikh College of Commerce, Palanpur .

Date:- 28/8/2023

Materials used in Rakhi:- Wool thread, silk thread, peacock feathers, pearls and zari paper

Students participating in the competition:- Students of Science and Commerce College

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

## આર.આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સમાં 'બ્યુટી કેર એન્ડ ચોકલેટ મેકિંગ' નો અઠવાડિક વર્કશોપનું આયોજન થયું

બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર.આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર ખાતે કાર્યરત વુમન એમ્પાવરમેન્ટ સેલ અંતર્ગત વિદ્યાર્થીનીઓ માટે 'બ્યુટી કેર એન્ડ ચોકલેટ મેકિંગ' નો અઠવાડિક વર્કશોપતા.૨૧/૦૮/૨૩ થી ૨૬/૦૮/૨૩ દરમિયાન આયોજન કરવામાં આવ્યું હતું. જેના ટિચિંગ એક્સપર્ટ તરીકે કૌશિક તાન અને સુશીલા પાટીલે કાર્ય કર્યુ હતું.જેમણે વિદ્યાર્થીનીઓને બ્રાઈડલ મેકઅપ, વિવિધ જાતના હેર કટીંગ, વિવિધ જાતની હેર સ્ટાઈલ, વિવિધ જાતની સાડી સ્ટાઈલ, વેક્સ, હોમમેડ ફેશ ટ્રીટમેન્ટ, હોમમેડ ફેશિયલ, હોમમેડ હેર ટ્રીટમેન્ટ, આઈબ્રો, બ્યુટી ટિપ્સ,ગરબાના સ્ટેપ, મહેંદી વગેરેનું પ્રેક્ટીકલ નોલેજ પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત ડેરી મિલ્ક, કીટકેટ, ફાઈસ્ટાર, મંચ, જેલીબેલી, ટુ ઈન વન, ચોકોપાઈ જેવી વિવિધ ચોકલેટ કેવી રીતે તૈયાર કરી શકાઈ તે અંગે આ વર્કશોપમાં તાલીમ આપી હતી, તે જ સાથે ચોકલેટની રેટીંગ કરતા, તેનું બુકે બનાવતા અને ચોકલેટનું બાસ્કેટ બનાવતા પણ શીખવાડ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપલ યોગેશ બી.ડબગર અને કોલેજના કેમ્પસ આસિસ્ટન્ટ ડાયરેક્ટર કે.ડી. સામલે હાજરી આપી



વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.તેમજ ડૉ.જી.ડી. આચાર્ય અને ડૉ એસ. આઈ. ગતિયલા એ અતિથિ વશેષ તરીકે સ્ટેજ શોભાવ્યું હતું.આ કાર્યક્રમનું આયોજન પ્રો. હેતલ રાઠોડ અને ડૉ. શીતલ ચૌધરીએ કરેલું હતું. કાર્યક્રમમાં વુમન સેલના કમિટી મેમ્બર્સ પ્રો. પૂજા મેસુરણી, ડૉ. અંકિતા ચૌધરી, ડૉ. અમી પટેલ, પ્રો. સાલેહા મેમન, તેમજ કોલેજના અધ્યાપકો ડૉ. ધ્રુવ પંડ્યા, આર. ડી. વરસાદ, ડી. એન. પટેલ, કે. કે. માથુર, સુનીલ ચૌધરી વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન પૂરું પડ્યું હતું.

This article is about a weekly workshop on 'Beauty Care and Chocolate Making' organized for female students by the Women Empowerment Cell at R. R. Mehta College Science and C. L. Parikh College of Commerce.

Date:- 21/08/2023 to 26/08/2023

Expert:- Mr.Kaushik Tan and Ms.Sushila Patil

Knowledge Imparted by the Experts:- 1. Practical Knowledge of Bridal Makeup, Different Types of Hair Cutting, Different Types of Hair Styles, Different Types of Saree Styles, Waxes, Homemade Face Treatments, Eyebrows, Beauty Tips, Garba Step, Mehendi etc.

2. How to prepare chocolates like dairy milk, kitkat, five star, munch, jellybelly, two in one, chocopie and its rating and also taught how to make books and make baskets.

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

## સોસાયટી ફોર બર્ડીંગ બાયોલોજીસ્ટ તથા એન. એસ. એસ. કમિટી દ્વારા ચર્ચા સત્ર નું આયોજન

વાત્સલ્યમ્ સમાચાર
સુભાષભાઈ વ્યાસ બનાસકાંઠા



બનાસકાંઠા ડીસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી એલ પરીખ કોલેજ ઓફ કોમર્સમાં સોસાયટી ફોર બડિંગ બાયોલોજીસ્ટ તથા એન. એસ. એસ. કમિટીના સંયુકત ઉપક્રમે આજ રોજ સ્વામી વિવેકાનંદ દ્વારા શિકાગો શહેરમાં આપાયેલ સંબોધન પર ચર્ચા સત્ર નું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરુઆત સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવેલ. અતિથિ વિશેષ તરીકે પ્રો. આર. ડી. વરસાત સાહેબે ઉપસ્થિત રહી આશિર્વચન તથા શુભેચ્છા પાઠવી. સંસ્થાના પ્રિન્સીપાલ ડો. ડબગર સાહેબે પણ પરોક્ષ શુભેચ્છાઓ અને આશિર્વચન પાઠવ્યા. વિદ્યાર્થીઓને વિવેકાનંદજીનો વિડિયો બતાવીને ચર્ચા સત્ર ની શરુઆત કરવામાં આવી. કાર્યક્રમ માં ભાગ લીધેલ ૬૦ વિદ્યાર્થીઓએ ચર્ચામાં સક્રિય રીતે ભાગ લઈને રાષ્ટ્રીયતા અને સનાતન સંસ્કૃતિ પર પોતાના ઉત્કૃષ્ટ વિચારો રજૂ કર્યા. સ્વામીજીના ઉદબોધનમાં વિધાર્થીઓએ સમરસતા, વિવિધતામાં એકતા, વિવિધ ધર્મ એક સંસ્કૃતિ જેવા ઉમદા વિચારો રજૂ કર્યાં. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન બોટની વિભાગના આ. પ્રો. ડો. ધ્રુવ પંડ્યા તથા ડો. હરેશ ગોંડલીયા દ્વારા કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કુ. અંકિતા કુગશિયા, કુ. અમી પ્રજાપતી, શ્રી વિક્રમભાઈ પ્રજાપતી, શ્રી અશોકભાઇ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું. આ આયોજનમાં ટી. વાય. બોટાની ના દરેક વિદ્યાર્થી સ્વયંસેવકોનું તથા સેવાકર્મીઓ શ્રી કેશવભાઈ, શ્રી કુરેશિભાઈનું ખૂબ મોટું યોગદાન રહ્યું. કાર્યક્રમ નો અંત રાષ્ટ્રગીત દ્વારા કરવામાં આવ્યો.

This article is about a discussion session organized by Society for Budding Biologists and NSS.

Topic of Discussion Session:- Address delivered by Swami Vivekananda in Chicago

Number of students participating in the program:- 60

Noble ideas presented in the programme:- Harmony, Unity in Diversity, Different Religions One Culture, Eternal Culture

Programme Date:28/8/2023

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**



**સોસાયટી ફોર બર્ડિંગ બાયોલોજીસ્ટ દ્વારા વેબીનાર નું લાઈવ આયોજન**

વાત્સલ્યમ્ સમાચાર
સુભાષભાઈ વ્યાસા-બનાસકાંઠા

સોસાયટી ફોર બર્ડીંગ બાયોલોજીસ્ટ દ્વારા તા.૨૩ ઓગસ્ટ, ૨૦૨૩ દરમ્યાન બોટનિકલ એડવાન્સ એસોસિયેશન તથા એમ્ જી સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા યોજાયેલ વેબિનારનું લાઈવ સ્ટ્રીમિંગનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો. આ પ્રોગ્રામમાં પીજી ઈન્ચાર્જ ડૉ. જે. એન. પટેલ, અધ્યક્ષ ડૉ. મુકેશ પટેલ ઉપસ્થિત રહ્યા તથા પ્રિન્સિપલ ડૉ. ડબગર સાહેબે શુભેચ્છાઓ અને આશિર્વચન પાઠવ્યા. સમગ્ર કાર્યક્રમની શરુઆત સમૂહ પ્રાર્થના દ્વારા કરાઈ. વેબિનાર માં ફ્લોરિડા યુનિવર્સિટી ના પ્રો. ડૉ. ફ્રેડી ઓલ્ટપિટરે વિદ્યાર્થીઓને મોલેક્યુલર બાયોલોજી, પ્લાન્ટ બ્રિડિંગ, બાગાયતવિદ્યા તથા નિંદામણ ના વિવિધ ઉપયોગો વિષે માહિતી આપી. તથા વનસ્પતિશાસ્ત્રમાં કઈ રીતે પોતાની રીતે સ્ટાર્ટઅપ કરી શકાય તેની માહિતી આપી. કાર્યક્રમ માં લગભગ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ લાભાન્વિત થયા. કાર્યક્રમ નો અંત રાષ્ટ્રગીત દ્વારા કરવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા સંચાલન બોટની વિભાગ ના આ. પ્રો. ડૉ. ધ્રુવ પંડ્યા, ડૉ. હરેશ ગોંડલિયા, કુ. અંકિતા કુગશિયા તથા લેબોરેટરી આસિસ્ટન્ટ શ્રી અશોકભાઈ તથા શ્રી વિક્રમભાઈ દ્વારા કરવામાં આવ્યું.

This article is about a webinar organized by the Society for Budding Biologists.

Date:- 23/8/2023

Number of students who participated in the webinar:- 100

Speaker :- Prof. Dr. Freddy Altpeter (University of Florida)

Information provided :- Molecular Biology, plant breeding, horticulture and various applications of pesticides and start-ups in Botany.



**સોસાયટી ફોર બડિંગ બાયોલોજીસ્ટ એન્ડ નેચર ક્લબ દ્વારા હેન્ડસ ઓન ટ્રેનિંગ ઓન પ્લાન્ટ પ્રોપેગેશન મેથડસ્ નું આયોજન**

વાત્સલ્યમ્ સમાચાર
સુભાષભાઈ વ્યાસ બનાસકાંઠા

બનાસકાંઠા ડીસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર આર મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી એલ પરીખ કોલેજ ઓફ કોમર્સ પાલનપુર, સોસાયટી ફોર બડિંગ બાયોલોજીસ્ટ એન્ડ નેચર ક્લબ દ્વારા હેન્ડસ ઓન ટ્રેનિંગ પ્રોગ્રામ 'પ્લાન્ટ પ્રોપેગેશન મેથડસ'નું આયોજન કરવામાં આવેલ છે જેમાં મુખ્ય અતિથિ તરીકે મંડળના આસિસ્ટન્ટ ડાયરેક્ટર ડોક્ટર કેડી સામલ સાહેબ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા હતા તેમજ તેમની સાથે બાયોલોજી ડિપાર્ટમેન્ટના હેડ ડો. એમ કે પટેલ તથા નેચર ક્લબના કન્વીનર ડો. સુરેશભાઈ પ્રજાપતિ દ્વારા આશિર્વચનથી આ કાર્યક્રમનો શુભ આરંભ કરવામાં આવ્યો હતો. સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. ડબગર સાહેબે પણ પરોક્ષ આશીર્વાદ અને શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં અંગ્રેજી વિભાગ ના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. શીતલ ચૌધરી તથા આ.પ્રો. હેતલ પણ ઉપસ્થિત રહ્યા અને સક્રિય ભાગ લીધો. કાર્યક્રમ માં બોટની વિભાગ ના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. ધ્રુવ પંડ્યા દ્વારા વનસ્પતિનું કઈ રીતે અલગ અલગ પદ્ધતિ દ્વારા સંવર્ધન કરાવી શકાય, સુશિભાનીય તથા ઔષધિય વનસ્પતિઓમાં સંવર્ધન વિશે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનથી માહિતી આપી હતી. સાથે સાથે તૈયાર રુટીગ થયેલા નમૂનાઓ બતાવીને વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા.

This report is about hands on training on Plant Propagation Methods organized by Society for Budding Biologists and Nature Club. Date:18/8/2023

Chief Guest:- Dr.K.D.Samal, Assistant Director of Banaskantha District Kelavani Mandal

Speaker: Dr. Dhruv Pandya, Assistant Professor, Dept. of Botany

Information provided:- Plant Breeding through Different Methods, Breeding of Ornamental and Medicinal Plants

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

## આર.આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ, પાલનપુર દ્વારાસોફ્ટ લેન્ડીગઓફ ચંદ્રયાન ૩ (LVM3) નું આયોજન કરાયુ

આજરોજ તારીખ૨૩/૦૮/૨૦૨૩ નારોજ ભૌતિકશાસ્ત્ર વિભાગ, આર.આર. મહેતાકોલેજઓફસાયન્સ એન્ડસી.એલ.પરીખ કોલેજઓફકોમર્સ પાલનપુરઅનેગુજકોસ્ટગાંધીનગર પ્રેરિત લોક વિજ્ઞાન કેન્દ્ર પાલનપુર ના સંયુક્ત ઉપક્રમે" સોફ્ટ લેન્ડીગ ઓફ ચંદ્રયાન ૩" પર ડૉ.આર.જે.પાઠક સાહેબશ્રી નું વ્યાખ્યાન આયોજીતકરવામાં આવેલ. જેમાં તેઓએ ડૉ.વિક્રમ સારાભાઈ, તેમના થયેલ કાર્યો, ચંદ્રયાન ૩ તથા આજ રોજ જે ચંદ્રયાન ૩નું સોફ્ટ લેન્ડીગ થવાનું છેઆપ્રોગ્રામ માં ઈસરો દ્વારા ચંદ્રયાન ૩ ના પ્રપલશન મોડ્યુલ લેન્ડર વિક્રમ તથા રોવર પ્રજ્ઞાન તથા તેના કામો પર વિશેષ સમજણ આપીઅનેચંદ્રયાન ૩ની સફળતાથી ઈસરો અને દેશ તથા વિદેશ ને કેવા પ્રકાર ના ફાયદા થશે તેની પણ સમજણ આપી સાથે સાથે આ સફળતા થી ભારત વિશ્વમાં ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પહોચનાર પ્રથમ રાષ્ટ્ર બનશેતેના વિષે વિધ્યાર્થીઓને માહિતગાર કર્યા.આ પ્રોગ્રામ માં કુલ ૦૮ અધ્યાપકો અને ૧૦૫ કોલેજનાબી.એસ સી સેમ.૧ ના વિધ્યાર્થીઓ એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો.

આ કાર્યક્રમના આયોજન માટે પ્રિન્સીપાલશ્રી ડૉ. વાય બી ડબગર સાહેબે પ્રોત્સાહન પૂરું પાડેલ.આપ્રસંગેપ્રા.પી વી મોઢ, પ્રા. એસ આઈ ગટીયાલા,પ્રા. આર ડી વરસાત, પ્રા.સાગર આર નાઈ,



લોકવિજ્ઞાનકેન્દ્રપાલનપુરના આસિસ્ટન્ટ કો-ઓર્ડીનેટર શ્રી પ્રિન્સ મેવાડા, શ્રી મહેશ ભાઈ અને શ્રી પ્રકાશ ભાઈ એ હાજર રહીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવામા મદદરૂપ થયા હતા.

This article is about a lecture by Dr. R.J. Pathak on Soft Landing of Chandrayaan 3

Date:-23/08/2023

Number of students and faculties participating in the lecture:- 105 students of B.Sc. Semester 1 and 8 faculty members

Information provided:- 1. Dr. Vikram Sarabhai and his achievements

2. Chandrayaan 3. Lander Vikram and rover Pragyan

## "આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ, પાલનપુર ખાતે ઓનલાઇન વેબીનારનું આયોજન કરાયું"

બનાસકાંઠા ડિસ્ટ્રીક્ટ કેળવણી મંડળ સંચાલિત આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ, પાલનપુરના મ.જીષ્ઠ અને ર.જીષ્ઠ ના વિદ્યાર્થીઓ માટે " **competitive Examination and career opprotunities after graduation and post graduation**" વિષય પર એક ઓનલાઈન વેબીનારનું આયોજન પુના – મહારાષ્ટ્રની ઈન્સ્ટીટ્યુટ ફોર એડવાન્સ સ્ટડિઝ (**IFAS**) દ્વારા કરવામાં આવ્યું.
આ કાર્યક્રમ દ્વારા કોલેજમાં અભ્યાસ કરતા **B.Sc** અને **M.Sc** ના વિદ્યાર્થીઓને ભવિષ્યમાં કયા પ્રકારની તકો ઉપ્લબ્ધ છે. તેમજ આ માટે તેઓએ કયા પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા આપવાની થાય છે તેની વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી. વેબીનાર દરમિયાન આ પ્રકારની સ્પર્ધાત્મક



પરીક્ષાઓનું સમગ્ર માળખુ, અભ્યાસક્રમ તેમજ મળનારી નાણાકીય સહાય વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. આગામી વર્ષ દરમિયાન **IIT / JAM** અને **CSIR** દ્વારા લેવાનાર પરીક્ષાઓ વિશે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કેમ્પસના આસી. ડાયરેક્ટર ડો. કે.ડી. શામલ, ડો. આર.જે.પાઠક, ડો. જી.ડી. આચાર્ય તેમજ રસાયણશાસ્ત્ર વિભાગના તમામ અધ્યાપકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું નેટવર્ક તથા ઓનલાઈન આયોજનમાં શ્રી મહેશભાઈ પટેલ તથા શ્રી મીલન દવેએ સહયોગ પૂરો પાડયો હતો. કાર્યક્રમના અંતે આભાર વિધી ડો. કે.સી. પટેલ દ્વારા કરવામાં આવી હતી.

This article is about an online webinar organized at Science and Commerce College, Palanpur
Subject:- Competitive examination and career opportunities after graduation and post-graduation
Date:18/8/23
Organized by:- Maharashtra Institute for Advanced Studies
Beneficiary Students:- Students of B.Sc. and M.Sc.

Information provided during the Webinar:- 1. Overall Structure of Competitive Examinations, Syllabus, and Financial Aid

2. Examinations to be conducted by IIT/JAM and CSIR during the next year

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

# આર આર મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુરમાં સામાન્ય જ્ઞાન ક્વિઝનું આયોજન થયું.

બનાસકાંઠા ડીસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર આર મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી. એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર ની સોસાયટી ફોર બડીંગ બાયોલિજીસ્ટ દ્વારા તા ૧૧ ઑગસ્ટ નાં રોજ સામાન્ય જ્ઞાન ઓપન ક્વિઝ નું આયોજન કરવામાં આવ્યું કે જેમાં મોટી સંખ્યામાં સાયન્સ તથા કોમર્સના વિધાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં રહેલ સામન્ય જ્ઞાન ને વેગ આપવાનો હતો જેથી વિદ્યાર્થીઓ આવનારા સમય માં સ્પર્ધાત્મક પરીક્ષામાં સારો દેખાવ કરીને ઉત્તીર્ણ થઈ શકે.



કાર્યક્રમની શરુઆત સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવી. ક્વિઝ દરમિયાન ભૌતિકશાસ્ત્ર વિભાગના શ્રી નટુભાઈ સથવારા સાહેબે નિર્ણાયક તરીકેની મહત્વની ભૂમિકા ભજવી વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક આપ્યા. કાર્યક્રમના અંતે સમૂહ રાષ્ટ્રગીત પણ થયું. સમગ્ર કાર્યક્રમમાં ટી. વાય. બોટની ના વિદ્યાર્થીઓએ વ્યવસ્થા જાળવવામાં ખૂબ મદદરૂપ થયા. સમગ્ર કાર્યક્રમ સમગ્ર કાર્યક્રમ નું આયોજન અને સંચાલન બોટની વિભાગ ના પ્રાધ્યાપકો ડૉ. ધ્રુવ પંડ્યા, ડૉ. હરેશ ગોંડલિયા, કુ. અંકિતા કુગશિયા તથા બિન શૈક્ષણીક સ્ટાફ માંથી શ્રીવિક્રમભાઈ દ્વારા કરવામાં આવ્યું.

## લોક સંઘર્ષ ન્યુઝ

This article is about General Knowledge Quiz organized by Society for Budding Biologists at Science and Commerce College, Palanpur.

Date:- 11 August 2023

Main objective of the programme:- To enhance the general knowledge of science and commerce students so that they can perform well in competitive examinations.

**5.3.2 - Institution facilitates students’ representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

**પાલનપુર ખાતે અમદાવાદની લિબર્ટી કેરિયર એકેડેમીના સહયોગથી**

**વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી અંગે જરૂરી માર્ગદર્શન મળી રહે તે માટે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો**




બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ, પાલનપુર સંચાલિત આર.આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર ખાતે અમદાવાદની લિબર્ટી કેરિયર એકેડેમીના સહયોગથી વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી અંગે જરૂરી માર્ગદર્શન મળી રહે તેમજ સરકારશ્રીની વિવિધ યોજનાઓ થકી તેઓને વિનામુલ્યે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેની તાલીમ પ્રાપ્ત થાય તેવા શુભ આશયથી એક માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.આ કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના પ્લેસમેન્ટ સેલ કન્વીનર ડૉ.કે.સી.પટેલ દ્વારા આમંત્રિત વક્તાનો પરિચય તથા કાર્યક્રમ અંગેની વિગતો આપવામાં આવી હતી. કાર્યક્રમમાં અમદાવાદ લિબર્ટી કેરિયર એકેડેમીના માર્ગદર્શક શ્રી કૃષભભાઈ પટેલ તથા તેમના સહયોગીયો દ્વારા વિદ્યાર્થીઓને ભવિષ્યમાં સરકારી નોકરી મેળવવા જરૂરી તૈયારી તેમજ તેમની ઉજ્જવળ કારકિર્દી માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ. તાજેતરમાં સરકારશ્રી દ્વારા વિવધ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે શરુ થનારી યોજનાઓ અંતર્ગત વિનામૂલ્યે તાલીમ મેળવવાની માહિતી પણ પૂરી પાડવામાં આવેલ હતી. સમગ્ર કાર્યક્રમમાં બી.એસ.સી. તથા એમ.એસસી.ના લગભગ કુલ ૧૧૦ જેટલા તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં આસી.ડીરેકટર શ્રી કે.ડી.શામલ, પ્રો.જે.એન.પટેલ તથા રસાયણશાસ્ત્રના અધ્યાપકોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

This report is about Career Guidance program organised by Banaskantha District Kelavani Mandal

In collaboration with:- Liberty Career Academy, Ahmedabad

Date:11/8/2023

Guide:- Mr.Krishabbhai Patel and his associates

Objective of the Programme:- To provide competitive exam. Preparation training to students through various schemes of the government.

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

## સાયન્સ કોમર્સ કોલેજ પાલનપુરમાં 'ઇન્ડિયા સ્પેસ ટેકનોલોજી એન્ડ ચંદ્રયાન-૩' ઉપર વ્યાખ્યાન યોજાયું



આજરોજ, તારીખ ૧૨ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ આર.આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુરના ભૌતિકશાસ્ત્ર વિભાગ, એસ્ટ્રોનોમિકલ ક્લબ અને ગુજકોષ્ટ ગાંધીનગર પ્રેરિત લોકવિજ્ઞાન કેન્દ્ર, પાલનપુરના સંયુક્ત ઉપક્રમે ડો. વિક્રમ સારાભાઈના જન્મ જયંતી નિમિત્તે, ઈન્ડિયા સ્પેસવીક અંતર્ગત 'ઈન્ડિયા સ્પેસ ટેકનોલોજી એન્ડ ચંદ્રયાન-૩' પર ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ શ્રી ડો. આર.જે. પાઠક સરના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ.

જેમાં ડો. પાઠક સરે ભારતીય અંતરીક્ષ વિજ્ઞાનના ભૂતકાળથી શરૂ કરી વર્તમાન સુધીની ટેકનોલોજીના વિકાસ પર તેમજ તાજેતરમાં ચંદ્રયાન -૩ ની સ્થિતિ પર પ્રકાશ પાડેલ.

આ કાર્યક્રમમા ભૌતિક શાસ્ત્ર વિભાગના અધ્યાપકો પ્રો.ડી.એસ.ખીલારે ,પ્રો. કે.પી. પટેલ તેમજ પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર પ્રો. પી.વી. મોઢ હાજર રહેલ. કોલેજના વિદ્યાર્થીઓ કર્ણાવત કોલેજ, આદર્શ કોલેજ, ડી.ડી.ચોકસી બી.એડ. કોલેજ અને લોકનિકેતન કેન્દ્ર, રતનપુરના વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકો મળી કુલ ૬૩ લાભાર્થીઓએ આ કાર્યક્રમ માં હાજરી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન એસ્ટ્રોનોમિકલ ક્લબના સભ્યોએ કરેલું હતું અને માર્ગદર્શન પ્રિ. ડો. વાય.બી. ડબગર સર એ આપેલ હતું.

This document is about a lecture on 'India Space Technology and Chandrayaan 3' organised at Science and Commerce College, Palanpur.
Date:-12 August 2023
This program was organized under the banner of India Space Week on the occasion of Dr. Vikram Sarabhai's birth anniversary as a joint initiative of R. R. Mehta College of Science & C. L. Parikh College of Commerce, Department of Physics, Astronomical Club and GUJCOST, Gandhinagar, inspired by Folk Science Center, Palanpur.
Speaker:- Dr. R. J. Pathak
Information provided in the lecture:-Development of technology from India's space science past to present, status of Chandrayaan 3
Beneficiaries of the program: - 63 students and teachers

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

# પાલનપુરની કોમર્સ કોલેજ ખાતે સેમ-૧ના વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો




પાલનપુર : બનાસકાંઠા ડીસ્ટ્રીકટ કેળવણી મંડળ સંચાલિત આર.આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ પાલનપુર ખાતે તા.૮-૮-૨૩ના રોજ સેમ-૧ મા વર્ષમા પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. જેમાં ૮૫૦ જેટલા વિદ્યાર્થીઓએ હાજર રહી કોલેજની વિવિધ માહિતી મેળવી હતી. જેમાં સાયન્સ અને કોમર્સના વિવિધ વિભાગ તેમજ વિવિધ અધ્યાપકોનો પરિચય આપવામાં આવ્યો હતો. આ સિવા ય કોલેજના અભ્યાસોતર પ્રવૃતિઓ જેવી કે સ્પોર્ટ્સ, નેચર કલબ, ગ્રીન ઓડિટ, બડીંગ બાયોલોજીસ્ટ, વુમન એમ્પાવર સેલ, એસ્ટ્રોનોમી કલબ, યુથ ફેસ્ટીવલ સહિત કોલેજમાં યોજાતા વિવિધ સેમીનારો, વર્કશોપ સહિતની વિસ્તૃત માહિતી પુરી પાડવામાં આવી હતી. જે કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી શરૂ કરવામાં આવી હતી. જેમાં કોલેજના પ્રિન્સીપાલ ડો.યોગેશ બી.ડબગરે સ્વાગત પ્રવચન કર્યુ હતું. તેમજ કોલેજની આંશિક ઝલક પુરી પાડી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન અને મુખ્ય વક્તા તરીકે સરદાર કૃષિ યુનીવર્સીટી દાંતીવાડાના વાઈસ ચાન્સેલર ડો.આર.એમ.ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે વિદ્યાર્થીઓને રોજગારી, સ્ટાર્ટઅપ, ઉદ્યોગ સાહસિકતા સહિતના મુદ્દાઓ ઉપર સચોટ ઉદાહરણ આપી વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા હતા.

This article is about Freshers' Meet held for the students of B.Com.& B.Sc. Sem-1 at Science and Commerce College Palanpur.
Date:- 8/8/2023
Students attending the programme:- 850
Information given in the programme:- Sports, NSS, NCC, Nature Club, Green Audit Committee, Society for Budding Biologists, Women Empowerment Cell, Astronomy Club, Youth Festival, various seminars and workshops held in the college.
Chief Guest and Keynote Speaker:- Dr. R. M. Chauhan, Vice Chancellor of Sardar Agricultural University Dantiwada

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

વૂમન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત

# પાલનપુરની આર.આર. મહેતા કોલેજમાં એમ્બ્રોઈડરી અંગેનો વર્કશોપ યોજાયો

પાલનપુર, તા.૮

બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ અને સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર ખાતે કાર્યરત વૂમન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત વર્લ્ડ એમ્બ્રોઈડરી ડે ને અનુલક્ષીને હેન્ડ એમ્બ્રોઈડરીની બે દિવસીય વર્કશોપની આયોજન કરેલ હતું જેમાં ડો. એસ. આઈ. ગટિયાલા અને ડો. અમી આર. પટેલે એક્સપર્ટ તરીકે કોલેજની વિદ્યાર્થિનીઓ અને મહિલા અધ્યાપિકાઓને અલગ-અલગ એમ્બ્રોઈડરી સ્ટીચ પ્રાયોગિક રીતે શીખવ્યા હતા.

જેમાં સ્ટેમ સ્ટીચ, રનીંગ સ્ટીચ, નોડ સ્ટીચ, ચેઈનસ્ટીચ, લેઝી ડેઝી સ્ટીચ વગેરે જેવા ૧૫ સ્ટીચીસ વિશે પ્રાયોગિક માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ ડો. યોગેશ ડબગરે હાજરી આપી આવા કાર્યક્રમમાં વધુને વધુ ભાગ લેવા માટે સર્વને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં કોલેજના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક મહિલા કર્મચારીઓ પૂજા મેસુરાણી વગેરેએ હાજરી આપી માહિતગાર થયા હતા. કાર્યક્રમને અંતે ડો.શીતલ ચૌધરીએ આભારવિધિ કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



આર.આર. મહેતા કૉલેજ ઓફ સાયન્સમાં એમ્બ્રોઈડરી અંગેનો વર્કશોપ યોજાયો હતો. (તસ્વીર : સિતાબ કાદરી - પાલનપુર)

## સ્ટેમ સ્ટીચ, રનિંગ સ્ટીચ, નોડ સ્ટીચ વગેરેની માહિતી અપાઈ

This article is about two day's workshop on Hand Embroidery at R. R. Mehta College of Science and C. L. Parikh College of Commerce.
Date:- 04/08/2023 & 05/08/2023
Expert :- Dr. S. I. Gatiyala and Dr. Ami. R. Patel
Knowledge imparted:- 15 stitches like Stem Stitch, Running Stitch, Node Stitch, Chain Stitch, Lazy Daisy Stitch etc.

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

## આર આર મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર માં બેસ્ટ ફ્રોમ વેસ્ટ સ્પર્ધાનું આયોજન થયું.



બનાસકાંઠા ડીસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર આર મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી. એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર ની સોસાયટી ફ્રોમ બડીંગ બાયોલિજી સ્ટ દ્વારા તા ૪ ઑગસ્ટ નાં રોજ બેસ્ટ ફ્રોમ વેસ્ટ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું કે જેમાં મોટી સંખ્યામાં વિધાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈને વેસ્ટ મટીરીયલ નો ઉપયોગ કરીને ઘણી બધી અવનવી રોજિંદા જીવન માં ઉપયોગ માં આવે તેવી વસ્તુઓ બનાવી હતી. કાર્યક્રમ દરમ્યાન બનાસકાંઠા ડીસ્ટ્રિક્ટ કેળવણી મંડળ ના કારોબારી સમિતિ નાં સેક્રેટરી સેક્રેટરી શ્રી સુનીલભાઈ શાહ , વાઈસ પ્રેસિડેન્ટ શ્રી રમેશ ચંદ્ર શાહ, તથા સભ્ય શ્રી રાજેશ વકીલ, શ્રી મેહુલ પટેલ , શ્રી પુષ્કર ભાઈ પટેલ, શ્રી હર્ષ વકીલ, ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી અપૂર્વભાઈ તથા આસિસ્ટન્ટ ડાયરેક્ટર ડૉ. કે ડી સામલ હજાર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કોલેજ ના પ્રિન્સીપલ શ્રી ડૉ. યોગેશ ડબગર વિદ્યાર્થીઓએ કઈ રીતે નવા વિચારો તરફ આગળ વધી ઈનોવેટિવ કાર્ય કરવું અને ઉત્સાહ પૂર્વક કાર્યકમ માં ભાગ લેવો તે વિષય પર ભાર મૂકી આશીર્વચન આપ્યા. આ કાર્યક્રમ માં ડૉ. મુકેશભાઈ પટેલ, ડૉ. અંકિતા ચૌધરી, ડો. અમી પટેલ ઉપસ્થિત રહ્યા. સ્પર્ધામાં નિર્ણાયકો તરીકે શ્રી હરેશભાઈ ચૌધરી તથા શ્રી સાગર નાઈ એ ફરજ બજાવી હતી સમગ્ર કાર્યક્રમ ના આયોજન માં ટી. વાય. બોટની ના વિદ્યાર્થીઓ તથા વિધાર્થિનીઓ નું મહત્વ નું યોગદાન રહ્યું. સમગ્ર કાર્યક્રમ નું આયોજન અને સંચાલન બોટની વિભાગ ના પ્રાધ્યાપકો ડૉ. ધ્રુવ પંડ્યા, ડૉ. હરેશ ગોંડલિયા તથા કુ. અંકિતા કુગશિયા દ્વારા કરવામાં આવ્યું.

This article is about the Best from Waste competition organized by the Society from Budding Biologists of R. R. Mehta College of Science & C. L. Parikh College of Commerce, Palanpur. A large number of students participated in this competition and in which T.Y. Botany students made an important contribution.

Date:- 4th August 2023

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**



મદાતા છે, તમાકુ છોડો તંદુરસ્ત જીવન જીવો | તા. ૨૯-૦૭-૨૦૨૩ શનિવાર

## સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ પાલનપુરના એન.એસ.એસ. યુનિટ ધ્વારા રાજીબા સ્કૂલમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

જનસેતુ,પાલનપુર,તા.૨૮ : બનાસકાંઠા ડીસ્ટ્રીકટ કેળવણી મંડળ સંચાલિત આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુરના એન. એસ. એસ. યુનિટ ધ્વારા " રાજીબા હાઈસ્કૂલ" અને જનસેવા એજ પ્રભુસેવા સંગઠનના સહયોગથી આજ તારીખ ૨૮/૦૭/૨૦૨૩ ના રોજ રાજીબા હાઈસ્કૂલના કેમ્પસમાં વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું. જેમાં "એક પેડ દેશ કે નામ" થીમ હેઠળ કોલેજના એન.એસ.એસ.ના ૨૦ તથા હાઈસ્કૂલના એન.એસ.એસ. ના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ લીમડો, પીપળો, બોરછલ્લી, સપ્તપર્ણી જેવા વૃક્ષો તથા મોગરો,કરેણ,વિદ્યા જેવા ફૂલ છોડ વાવ્યા હતા. કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સીપાલ ડૉ.યોગેશ બી.ડબગરે પ્રાસંગિક ઉદબોધન કરી વિદ્યાર્થીઓને વૃક્ષારોપણનું મહત્વ ઉદાહરણ આપી સમજાવ્યું હતું. જન સેવા એજ પ્રભુ સેવા તરફ થી ભાઈચંદ પટેલે અને રાજીબા સ્કૂલના આચાર્ય શારદાબેન પટેલે પણ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.કાર્યક્રમમાં એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રો. આર.ડી. વરસાત, પારપડા ગામના સરપંચ રમેશભાઈ અટોસ, જન સેવા તરફથી જયેશભાઈ સોની, હસમુખભાઈ ચૌહાણ, અશોકભાઈ પઢીયાર, રાજીબા સ્કુલના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર હરેશભાઈ ડામોર, યોગેશભાઈ મોદી તથા સ્કૂલના અન્ય સ્ટાફ પણ હાજર રહ્યો હતો. વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. સ્વયંસેવક ફેનિલ પટેલના જન્મદિવસ નિમિત્તે આયોજિત કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રો. આર.ડી. વરસાતના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. સ્વયંસેવક જીજ્ઞેશ ગૌસ્વામી એ કર્યું હતું.

થરાદ પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા

### વિધાનસભા ના અધ્યક્ષ શંકરભાઇ ચૌધરી ની રક્ત તુલામાં મોટી સંખ્યા માં બલ્ડ ડોનેશન કરવા અપીલ.

જનસેતુ,થરાદ,તા.૨૮ : રાષ્ટ્ર કે હિત મેં શિક્ષા, શિક્ષા કે હિત મેં શિક્ષક ઔર શિક્ષક કે હિત મેં સમાજ ના ઉચ્ચ આદર્શ વિચાર સાથે અનેકવિધ રચનાત્મક કાર્ય અખિલ ભારતીય સ્તરે આ સંગઠન કરી રહ્યું છે. તે અન્વયે પ્રાથમિક શૈક્ષિક

તસવીર-અહેવાલઃ હાજાભાઈ રાજપૂત

પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા અપીલ કરાઈ છે.

This article is about Tree Plantation program organized at Rajiba School, Palanpur by the NSS unit of Science and Commerce College, Palanpur.

Collaborating Organization:- Jan Seva Ej Prabhuseva

Date:- 28/7/2023

Theme:- "Ek Ped Desh Ke Nam"

Number of Participating Students:- 20 NSS Students and High School NSS Students

Flowering plants planted in the tree plantation programme:- Neem, Pipal, Borsali, Saptaparani, Mogra, Karen and Vidya

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

# સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ પાલનપુરમાં દ્રવ્યનું ચોથું સ્વરૂપ પ્લાઝમા ઉપર વ્યાખ્યાન યોજાયું

(બનાસ ગૌરવ) તા.૨૭

■ આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર ખાતે પ્લાઝમા વિષય પર એક વ્યાખ્યાન નું આયોજન તારીખ ૨૬ જુલાઈ ૨૦૨૩ ના રોજ, કોલેજના રૂમ નંબર ૪ માં સાંજે ચાર કલાકે યોજેલ. સદર કાર્યક્રમમાં ઈન્સ્ટિટયૂટ ઓફ પ્લાઝમા રિસર્ચ, ગાંધીનગર ખાતેથી શ્રી ગટ્ટુ રમેશ બાબુ અને શ્રી નરેન્દ્રસિંહ ચૌહાણ સાહેબ દ્વારા પ્લાઝમા વિષય પર વ્યાખ્યાન આપેલ. તેમણે જણાવ્યું કે દ્રવ્યના ત્રણ સ્વરૂપ ધન પ્રવાહી અને વાયુ ઉપરાંત ચોથા સ્વરૂપ તરીકે પ્લાઝમા હોય છે .ઉપરાંત કુદરત તેમજ વ્યવહારમાં આપણે પ્લાઝમા ને



કયા કયા જોઈ શકીએ તેમજ વ્યવહારમાં પ્લાઝમા નો ક્યાં ક્યાં ઉપયોગ થાય છે તે વિષય પર ખૂબ જ સરળ ભાષામાં માહિતી આપી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ શ્રી આર.જે પાઠક સરે કરેલું .કાર્યક્રમનું સંચાલન પ્રોફેસર પી.વી. મોઢ દ્વારા કરેલ. તેમજ કાર્યક્રમના આયોજનમાં પ્રોફેસર ડી .એસ .ખીલારે તેમજ ડો. કે. પી. પટેલે સહયોગ આપેલ. આ વ્યાખ્યાન નો લાભ લગભગ ૧૧૦ જેટલા વિદ્યાર્થી અને અધ્યાપક શ્રી ઓએ લીધેલ હતો.

This article is about a lecture on Plasma, the Fourth form of Matter, organised at Science and Commerce College, Palanpur.
Date:-26 July, 2023
Location: College Building, Room No.4
Speaker: Mr. Gattu Ramesh Babu and Mr. Narendra Singh Chauhan from Institute of Plasma Research Gandhinagar
Information given in the lecture: In addition to the three forms of matter solid, liquid and gas, the fourth form is plasma.

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

## આર.આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ પાલનપુરમાં 'દુર બ્રહ્માંડમાં નવી પૃથ્વીની શોધમાં' વ્યાખ્યાન યોજાયું



(બનાસ ગૌરવ) તા.૨૨

■ બનાસકાંઠા ડિસ્ટ્રિકટ કેળવણી મંડળ સંચાલિત આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર કોલેજની એસ્ટ્રોનોમીકલ ક્લબ દ્વારા ૨૨-૦૭-૨૦૨૩ ને શનિવારના રોજ 'દુર બ્રહ્માંડમાં નવી પૃથ્વીની શોધમાં' વિષય ઉપર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા અને વિષય નિષ્ણાત તરીકે પ્રા.શ્રી વિશાલ જોશી કે જેઓ ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (PRL) અમદાવાદ ખાતે ફરજ બજાવે છે તેઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌપ્રથમ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરી, ત્યારબાદ મુખ્ય વકતા શ્રી તથા મહેમાનોનું સુતરની આંટી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. પ્રિન્સિપાલશ્રી દ્વારા મુખ્ય વક્તાનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું તેમજ ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ.આર.જે. પાઠક દ્વારા આવેલ મુખ્ય વક્તાશ્રીનો પરિચય આપેલ. ડો.વિશાલ જોષી છેલ્લા ૧૭ વર્ષથી ભારતની આગવી

(અનુસંધાન બીજા પાને)

**આર.આર.મહેતા**

(ચોથા પાનાનું ચાલુ)

વૈજ્ઞાનિક સંસ્થા PRL માં સંશોધન કરે છે. તેમણે પ્રતિષ્ઠિત ઈન્ટરનેશનલ જર્નલમાં ૫૦ રિસર્ચ પેપર પબ્લિશ કરેલ છે. એઓના સંશોધનમાં માઉન્ટ આબુ પરનું ઈન્ફ્રારેડ ટેલિસ્કોપ, હિમાલયન ચંદ્ર ટેલિસ્કોપ, યુરોપિયન ટેલિસ્કોપ, હબલ ટેલિસ્કોપ.. વગેરે ઉપર પણ કામ કરેલ છે. ૧૮૦ થી વધારે લોકપ્રિય વ્યાખ્યાનો, ૬૦થી વધારે ખગોળ વિજ્ઞાનમાં જુદા-જુદા વિષય ઉપર વર્કશોપ કરેલ છે. આજના વિષયમાં એમણે આપણા સૌર્યમંડળ આકાશગંગાની પેલી પાર પૃથ્વી સિવાય અન્યત્ર બ્રહ્માંડની અંદર જીવ કે પાણીનું અસ્તિત્વ છે કે નહીં વિષય પર વિશેષ પ્રકાશ પાડ્યો હતો. આ વ્યાખ્યાનમાં કારોબારી સભ્યશ્રી ડૉ.પરેશભાઈ પરીખ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. વ્યાખ્યાનમાં ૧૧૧ જેટલા વિદ્યાર્થીઓ, આમંત્રિત મહેમાનો તેમજ

This article is about a lecture organised at R. R. Mehta College of Science & C. L. Parikh College of Commerce, Palanpur on 'Searching for a New Earth in the Distant Universe'.
Organiser: Astronomical Club
Date: 22/7/2023
Topic: 'Discovery of New Earth in Distant Universe'
Keynote Speaker and Subject Expert: Prof. Vishal Joshi (Physical Research Laboratory, Ahmedabad)
Introduction of Keynote Speaker: - 1. Working in Physical Research Laboratory Ahmedabad for 17 years and has published 50 research papers in reputed international journals.
2. His has also done research work on Infrared Telescope on Mount Abu, Himalayan Telescope, Chandra Telescope, European Telescope, Hubble Telescope etc.

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

# સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, પાલનપુર ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજાઈ



તસવીર-અહેવાલ : ભીખાલાલ પ્રજાપતિ

**(બનાસ ગૌરવ) તા.૨૨** ■ બનાસકાંઠા ડીસ્ટ્રીકટ કેળવણી મંડળ સંચાલિત આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુરના એન.એસ.એસ. યુનિટ દ્વારા કોલેજના પ્રિન્સીપાલશ્રી ડૉ. યોગેશ બી. ડબગરના માર્ગદર્શન હેઠળ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા તથા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૫૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. પ્રિન્સીપાલશ્રીએ કાર્યક્રમમાં હાજર રહીને સ્પર્ધકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. તેમણે તેમના વકતવ્યમાં જણાવ્યું કે ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા અનેકવિધ સ્પર્ધાઓ વિદ્યાર્થીઓના સર્વાંગિક વિકાસ માટે આયોજિત કરવામાં આવે છે. જેનાથી વિધાર્થીઓ ની આત્મસૂઝ, નેતૃત્ત્વ નાં ગુણો, મૌલિક શક્તિ વિકસે અને વિદ્યાર્થી પ્રોત્સાહિત થાય તે હેતુ છે.

આ દરેક સ્પર્ધા માં એક થી ત્રણ નંબરે આવેલ વિદ્યાર્થી નું નામ યુનિવર્સિટી કક્ષા એ મોકલવામાં આવશે સ્પર્ધા વ્યવસ્થામાં ડૉ. અંકિતા ચૌધરી, ડૉ. એસ.આઈ. ગટીયાલા, ડૉ. ધ્રુવ પંડયા, ડૉ. અમી પટેલ, ડૉ. શિતલ ચૌધરી, ડૉ. પૂજા મેસુરાણી, પ્રા. હેતલ રાઠોડ તથા પ્રો. સુનીલ ચૌધરી વગેરેએ કામગીરી બજાવી હતી. સ્પર્ધાનું સુચારું સંકલન અને આયોજન પ્રા. આર. ડી. વરસાતે કર્યું હતું.

This article is about various competitions organised at Science and Commerce College, Palanpur under the banner of Azadi ka Amrit Mahotsav.

Date:21/7/2023

Organizing Department: NSS Unit

Competitions Held: Elocution Competition, Essay Competition and Drawing Competition

Participating students: 54

Objective of the Competition: To develop students' self-esteem, leadership qualities, original strength and to motivate the student.

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

## બનાસકાંઠા જિલ્લા કેળવણી મંડળ સંચાલિત આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ પાલનપુર દ્વારા નિબંધ સ્પર્ધા યોજાઈ



બનાસકાંઠા જિલ્લા કેળવણી મંડળ સંચાલિત આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ પાલનપુર દ્વારા આજરોજ તારીખ ૧૫-૦૭-૨૦૨૩ ને શનિવારે બપોરે ૧:૩૦ કલાકે ૮૨૦ અંતર્ગત ક્લાઈમેટ ચેન્જ અને પર્યાવરણીય સ્થિરતા અંગે જાગૃતિ ફેલાય તે માટે એક નિબંધ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું. સામાન્ય રીતે ક્લાઈમેટ ચેન્જ અને પર્યાવરણીય ફેરફાર માટે ગ્રીન હાઉસ વાયુઓ જવાબદાર છે.જેના કારણે વૈશ્વિક તાપમાનમાં સરેરાશ વધારો થાય છે અને કુદરતી વિનાશકારી આફતોનું વારંવાર સર્જન થાય છે. આ હેતુથી નિબંધ સ્પર્ધા નો વિષય "ગ્લોબલ વૉર્મિંગ ના કારણો અને તેની વૈશ્વિક અસર"રાખવામાં આવ્યો. ૭૦ થી વધુ વિદ્યાર્થીઓ એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન ૮૨૦ કન્વીનર શ્રી ડો.એમ. આર. સોલંકી અને ડો. કે. પી. પટેલ તેમજ ૮૨૦ ટીમ દ્વારા કરવામાં આવ્યું. ડો. જી. ડી આચાર્ય. ડો. પી એસ પટેલ ડો. સુશીલાબેન ઘટિયાલા,ડો. અમીબેન પટેલ,ડો. ધ્રુવ પંડ્યા વગેરે અધ્યાપકો કાર્યક્રમમાં હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા કોલેજના આચાર્ય શ્રી ડો. વાય. બી. ડબગર સાહેબ હાજર રહી વિદ્યાર્થીઓને ૮૨૦ અને ગ્લોબલ વૉર્મિંગ વિષય બાબતે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

This report is about essay competition organized under the banner of G20 to create awareness about climate change and environmental sustainability at R. R. Mehta College of Science & C. L. Parikh College of Commerce, Palanpur.
Date: 15/7/2023
Topic: Causes of Global Warming and its Global Impact
Number of Students Participating: More than 70

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

# સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ પાલનપુર દ્વારા જેસોર કેદારનાથ ગુફા સુધીના માર્ગ ઉપર સિડબોલનું રોપણ કરાયું

● વાત્સલ્યમ સમાચાર
સુભાષભાઈ વ્યાસ પાલનપુર
બનાસકાંઠા

બનાસકાંઠા ડીસ્ટ્રીકટ કેળવણી મંડળ પાલનપુર સંચાલિત આર આર મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી એલ પરીખ કોલેજ ઓફ કોમર્સ પાલનપુરના નેચર ક્લબ અને ગ્રીન ઓડિટ કમિટી દ્વારા કોલેજના ૨૫ વિધાર્થીઓ તથા સ્ટાફ અને ડીસા ના ૧૫ પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા તારીખ ૯-૭-૨૦૨૩ ના રોજ તળેટી થી કેદારનાથ સુધી જાંબુના ૨૦૦૦ જેટલા સિડબોલ નું અને બીજા ચરણ માં કેદારનાથ થી મુનીજી ની ગુફા સુધી પારિજાતના આશરે ૩૦૦૦ જેટલા સીડબોલ નું રોપણ કરવામાં આવ્યું હતું .બનાસકાંઠા જીલ્લા ને



હરિયાળો બનાવવા નેચરકલબ અને ગ્રીન ઓડિટ કમિટી ધ્વારા કોલેજ કેમ્પસ તેમજ બાલારામ અને અન્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક વર્ષોથી ચોમાસામાં સીડબોલ રોપવામાં આવી રહ્યા છે આ કાર્યક્રમ ડીસા ના જાણીતા ડોક્ટર અને પર્યાવરણવિદ ડૉ.નવીનકાકા, ડીસા કોલેજના પ્રોગ્રામ ઓફિસર ડૉ.તૃપ્તિ પટેલ, ફોટોગ્રાફર શ્રી જસુભાઇ, શ્રી અનિલભાઈ, જાણીતા સાઈકોલોજીસ્ટ શ્રી નટુભાઈ, સ્નેક રેસ્ક્યુઅર ડૉ. રોહિતભાઈ અને અન્ય પર્યાવરણ વિદો જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમ સાયન્સ કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ ડૉ. યોગેશ બી. ડબગર ના માર્ગદર્શન હેઠળ યોજાવામાં આવ્યો હતો. ડો સુરેશ પ્રજાપતિએ જેસોર વન્યજીવ અભયારણ્યની વન્યજીવ વિવિધતા અને તેના સંરક્ષણ વિશે સૌ સભ્યોને સંબોધિત કર્યા. બોટનીના પ્રાધ્યાપક ડોક્ટર હરેશભાઈએ કહ્યું કે જંગલનું જતન કરવું એ આપણી નૈતિક ફરજ છે અને જંગલમાં પ્રદૂષણ અટકાવવું એ પણ આપણે સહિયારી જવાબદારી છે.

The Nature Club and Green Audit Committee of Science and Commerce College Palanpur planted seed balls on the road to Jessore Kedarnath Cave.

In order to make Banaskantha district greener, Green Audit Committee has been planting seed balls in the college campus as well as at Balaram and other areas during the monsoon season for the past few years.

Date: 9/7/2023

Participants: 25 college students and staff and 15 nature lovers from Deesa

Seedballs planted and their location: 1. About 2000 seedballs of Jambu from foothills to Kedarnath.

2. About 3000 seed balls of Parijat from Kedarnath to Muniji Cave

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

# સાયન્સ કોમર્સ કોલેજ પાલનપુરના વિદ્યાર્થીએ ઓલ ગુજરાત ઓપન કરાટે ચેમ્પિયનશીપ ૨૦૨૩ માં ગોલ્ડ મેડલ મેળવ્યો

**(બનાસ ગૌરવ) તા.૧૦**
**(અહેવાલ : ભીખાલાલ પ્રજાપતિ)**

■ બનાસકાંઠા ડીસ્ટ્રીકટ કેળવણી મંડળ સંચાલિત આર.આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ પાલનપુર ના બી.એસસી. સેમ- ૫ વનસ્પતિ શાસ્ત્ર વિષયમાં અભ્યાસ કરતા વિવેક યોગેશકુમાર પ્રણામીએ તા. ૭ થી ૯ જુલાઈ ૨૦૨૩ દરમ્યાન યુગ પુરૂષ સ્વામી વિવેકાનંદ સ્પોર્ટ કોમ્પ્લેક્ષ આણંદ ખાતે યોજાયેલ ઓલ ગુજરાત ઓપન કરાટે ચેમ્પિયનશીપ ૨૦૨૩ માં અંડર - ૨૧ વ્યક્તિગત બ્રાઉન બ્લેક બેલ્ટ ૫૫ ાપ્ન કેટેગરી માં ગોલ્ડમેડલ મેળવ્યો છે. આ ઈવેન્ટ માં સમગ્ર ગુજરાત માંથી જુદી જુદી કેટગરી માં ૧૪૦૦ થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જે પૈકી ૧૮-૨૦ કેટેગરી માં વિવેક યોગેશકુમાર પ્રણામીએ ગોલ્ડ મેડલ મેળવી સંસ્થાનું નામ રોશન કર્યું છે તેઓની નેશનલ લેવલ ની સ્પર્ધા માં પણ પસંદગી થયેલ છે. તેઓએ કોચ




શ્રી શિહાન જયેશભાઈ પ્રજાપતિ ના માર્ગદર્શન હેઠળ તૈયાર થયા છે . તેઓની આ સિદ્ધિ બદલ સંચાલક મંડળ તેમજ કોલેજ ના પ્રિન્સીપાલ ડૉ. યોગેશ ડબગર, બોટની વિભાગ ના અધ્યાપકો તેમજ સમગ્ર સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા.

Vivek Yogeshkumar Pranami, a student of Science and Commerce College Palanpur, studying in B.Sc. Sem.5, bagged the Gold Medal in All Gujarat Open Karate Championship 2023.
Date of Championship: 7 to 9 July 2023
Venue of Championship: Yugpurush Swami Vivekananda Sports Complex, Anand
Number of contestants who participated in the championship: More than 1400
Championship Information: Under 21 Individual Brown Black Belt 55 Adult Category
Coach: Mr. Shihan Jayeshbhai Prajapati

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

## સાયન્સ કોમર્સ કોલેજ પાલનપુરના વિદ્યાર્થીનું ઉત્તમ સેવાકીય પ્રવૃત્તિ બદલ નહેરું યુવા કેન્દ્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું




જનસેતુ,પાલનપુર,તા.૦૯ : બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સના એન.એસ.એસ.ના વિદ્યાર્થી જીગ્નેશ ગૌસ્વામીનું તા. ૦૮/૦૭/૨૦૨૩ ના રોજ ડીસાની ડી.એન.પી. આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે નહેરું યુવા કેન્દ્ર દ્વારા યોજાયેલ એક કાર્યક્રમમાં બહુમાન કરી સર્ટિફિકેટ તથા ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું. આ બહુમાન તેમણે અગાઉના વર્ષોમાં કરેલ ઉત્તમ સેવાકીય પ્રવૃત્તિ જેવી કે વૃક્ષા રોપાણ, બ્લડ ડોનેશન, સ્વચ્છતા અભિયાન, એચ.આઈ.વી. એઈડ્સ જાગૃતિ માટે તથા વિવિધ શિબીરોમાં સક્રિય ભાગ લેવા બદલ કરવામાં આવ્યું છે. જીગ્નેશભાઈનું અગાઉ પણ બનાસકાંઠા કલેક્ટરશ્રી દ્વારા મતદાન જાગૃતિનું શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ બહુમાન થઈ ચૂકેલ છે. ડીસા ખાતેના કાર્યક્રમમાં નહેરું યુવા કેન્દ્રના વિવિધ અધિકારી ગણ તથા કોલેજનો સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. જીગ્નેશભાઈની વિવિધ સફળતા માટે કોલેજના પ્રિન્સિપાલ ડો. યોગેશ બી. ડબગર, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. આર.ડી. વરસાત તથા ડો. એસ.આઈ.ગટિયાલાનું યોગ્ય માર્ગદર્શન રહેલું છે.

This report is about a student of Science Commerce College Palanpur being felicitated by Nehru Yuva Kendra for his outstanding academic performance.
Date: 8/7/2023
Name of Felicitated Student: Jignesh Goswami, NSS Volumteer
Place: DNP Arts and Commerce College, Deesa
Activities by the student: Tree Plantation, Blood Donation, Cleanliness Campaign, HIV AIDS Awareness, Voting Awareness
Other Achievements: Awarded for best performance in creating voter awareness

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

દિવ્ય ભાસ્કર પાટણ 07-07-2023

વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસ કર્યા પછી કારકિર્દી અંગે નેશનલ વેબિનાર યોજાયો

# કારકિર્દીની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટે વનસ્પતિ શાસ્ત્ર વિષય સહેલો અને પ્રકૃતિની નજીક છે :તજજ્ઞ

ભાસ્કરન્યૂઝ|પાટણ

બોટનીકલ એડવાન્સ એસોસિયેશન ગુજરાત દ્વારા "વનસ્પતિશાસ્ત્રમાં ભાવિ અવકાશ" વિષય ઉપર નવી શિક્ષણ નિતિના અમલીકરણ સંદર્ભે નેશનલ વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશના વિવિધ રાજ્યો અને ગુજરાતની વિવિધ કોલેજના 1500થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમનું સંચાલન સંસ્થાનાં પ્રમુખ ડો.એન.કે. પટેલ (પાટણ)નાં માર્ગદર્શન હેઠળ ડો.કલ્પેશ અંજારિયા (પેટલાદ) એ કર્યું હતું.



વનસ્પતિશાસ્ત્રનો અંગે નેશનલ વેબિનારનો લાભ લેતાં પાટણના છાત્રો.

આ વેબિનારમાં વિષય નિષ્ણાંત મહર્ષિ દયાનંદ સાયન્સ કોલેજ, પોરબંદરનાં વનસ્પતિશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો. ભૂપેંદ્રસિંહ એ.જાડેજાએ વનસ્પતિશાસ્ત્ર વિષયમાં અભ્યાસ કર્યા પછી રાષ્ટ્રીય એ આંતરરાષ્ટ્રીય સ્તરે કારકિર્દી માટેની તકો ઉપર પ્રકાશ પાડ્યો હતો. જેમાં શિક્ષણ ઉપરાંત ફોરેસ્ટ્રી, કૃષિ, હવામાન, નેશનલ પાર્ક, પર્યાવરણ સુરક્ષા, પબ્લિક આરોગ્ય સેવા, પર્યાવરણ કન્સલ્ટન્ટ, ઔષધિય વનસ્પતિ, ફોરેન્સિક સેક્ટર, પેશીસંવર્ધન, પરિસ્થિતિવિદ, ફાર્માસિસ્ટ, નર્સરી, ગાર્ડન સુપરવાઈઝર, ગ્રીનહાઉસ મેનેજર, ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસ, વનસ્પતિ શાસ્ત્રમાં બી.એસસી., એમ.એસસી. કે પીએચ.ડી. કર્યા પછી રોજગારીની વિશાળ તકો ઉપલબ્ધ હોવાનું તથા વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટે આ વિષય સહેલો અને પ્રકૃતિની નજીક હોવાનું ડો.જાડેજાએ જણાવ્યું હતું.વક્તાનો પરિચય ડો.અલ્પના શુક્લા (અમદાવાદ) એ આપ્યો હતો. વ્યાખ્યાન બાદ વિદ્યાર્થીઓને અને અધ્યાપકોને મૂંઝવતા પ્રશ્નોનું ડો. જાડેજાએ નિરાકરણ કર્યું હતું. અંતે આભારવિધિ ડો.રીના પી. દવે (વિરાણી સાયન્સ કોલેજ, રાજકોટ)એ કરી હતી.

This report is about National Webinar organized by Botanical Advance Association Gujarat (BAAG) on career after studying Botany.
Topic: Future Scopes in Botany
Date:6/7/2023
Context of Webinar: Implementing a New Pedagogy
Students who participated in the webinar: More than 1500
Subject Expert: Dr.Bhupendra Singh A. Jadeja, Head, Department of Botany, Maharishi Dayanand Science College, Porbandar.
Information given in the webinar: Forestry, Agriculture, Meteorology, National Park, Environmental Protection, Public Health Service, Environmental Consultant, Medicinal Plants, Forensic Sector, Tissue Culture, Ecologist, Pharmacist, Nursery, Garden Supervisor, Greenhouse Manager, Indian Forest Service and Employment after B.Sc.,M.Sc. and Ph.D. in Botany

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

## સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ પાલનપુર માં કેમેસ્ટ્રી ડ્રોઈંગ ટૂલ્સ સોફ્ટવેર વિષય ઉપર એક દિવસીય વર્કશોપ યોજાયો



જનસેતુ,પાલનપુર,તા.૦૭ : બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ પાલનપુર સંચાલિત આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ અને સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર ખાતે તા. ૦૭/૦૭/ ૨૦૨૩ ના રોજ રસાયણશાસ્ત્ર વિભાગ દ્વારા રસાયણશાસ્ત્ર તથા સાયન્સ ના અન્ય વિષયોમાં ઉપયોગમાં લેવાતા વિવિધ સ્ટ્રક્ચર કમ્પ્યુટરમાં દોરવા માટેના સોફ્ટવેર ના ઉપયોગ વિશે માહિતી આધારિત એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડૉ. જ્યોતિન્દ્ર માહ્યાવંશી દ્વારા આ સોફ્ટવેરનો કેવી રીતે ઉપયોગ કરવો તે વિશે ખૂબ જ રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ ડૉ.યોગેશ બી. ડબગર, વિભાગીય વડા ડૉ. જી.ડી. આચાર્ય તથા પીજી ઈન્ચાર્જ ડૉ. એસ.આઈ. ગટીયાલા એ હાજરી આપી કાર્યક્રમને વધુ સફળ બનાવ્યો હતો. આ સિવાય કાર્યક્રમમાં વિભાગના અન્ય અધ્યાપકો ડૉ. કે. સી. પટેલ, ડૉ. પી. એસ. પટેલ, ડૉ. એમ. આર. સોલંકી, ડૉ. કે.વી. મહેતા, પ્રો. સાલેહા મેમન વગેરે એ હાજરી આપી વિદ્યાર્થીઓને રિસર્ચ ક્ષેત્રે રિસર્ચ પેપર બનાવવા આ સોફ્ટવેર કેવી રીતે ઉપયોગી છે તે વિશે પ્રોત્સાહન આપ્યું હતું. કાર્યક્રમમાં એમ.એસ.સી. સેમ ૩ ના મોટી સંખ્યા માં વિદ્યાર્થીઓ હાજર રહી માહિતગાર થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન ડૉ.અમી પટેલ અને ડૉ.જ્યોતિન્દ્ર માહ્યાવંશી એ કર્યું હતું.



This article is about a one-day workshop on Chemistry Drawing Software organised by the Department of Chemistry at Science and Commerce College, Palanpur.
Date:7/7/2023
Expert: Dr. J. B. Mahyavanshi
Topic: How to use software to draw various structures used in other worlds of chemistry and science in computers
Students participating in the workshop: M.Sc. Sem.3 students

## સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, પાલનપુર ખાતે ગુરુપૂર્ણિમા દિવસની ઉજવણી કરવામાં આવી



(બનાસ ગૌરવ) તા.૩ ■ બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર. આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર ખાતે આજ તારીખ ૦૩/૦૭/ ૨૦૨૩ના રોજ ગુરુપૂર્ણિમા દિવસની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત કોલેજની વિદ્યાર્થીનીઓ ધ્વારા ગુરુ વંદના ગાન અને પ્રાર્થનાથી કરવામાં આવી. કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સીપાલ ડૉ. યોગેશ બી. ડબગર સાહેબે ગુરુપૂર્ણિમા દિવસનું મહત્વ સમજાવી વિદ્યાર્થીઓને આશીર્વચન આપ્યા હતા. પ્રો. ડી.એસ ખીલારે, ડૉ. એસ.આઈ. ગટીયાલા, પ્રો. પી.વી.મોઢ, ડૉ. કે.વી.મહેતા, ડૉ. અમી પટેલ, ડૉ. પૂજા મેસુરાણી વગેરે અધ્યાપકોએ પણ કાર્યક્રમમાં હાજર રહી ગુરુપૂર્ણિમા નિમિત્તે વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા.

ગુરુપૂર્ણિમા ઉજવણી કાર્યક્રમમાં કોલેજના એન.એસ.એસ. વિદ્યાર્થીઓ સહિત ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન કોલેજ વિદ્યાર્થીઓએ તમામ ગુરુ જનોને કંકુ-ચોખાનું તિલક કરી, ફૂલ અર્પણ કરી મીઠાઈ વહેંચી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આયોજન પ્રો. આર.ડી. વરસાતે કર્યું હતું.

This article is about celebration of Gurupurnima Day at Science and Commerce College Palanpur.
Date: 3/7/2023
Number of students present in the celebration: About 150 students of NSS

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

4 Banas Gaurav Da

# આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ અને સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સના આધ્યાપકોએ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લીધો




(બનાસ ગૌરવ) તા.૩૦

■ વસુદેવ કુટુંબકમં એટલે કે પૃથ્વી પરનો પ્રત્યેક જીવ મારૂ કુટુંબ છે એવી ભાવનાથી તા-૨૯/૦૬/૨૦૨૩ ના ગુરુવાર ના રોજ બોટની વિભાગ ના પ્રાધ્યાપક ડૉ. હરેશ ગોંડલીયા નો જન્મ દિવસ હોવાથી બનાસકાંઠા ના બાલારામ સ્થિત ઉજાણી ગૃહ ખાતે બાલારામ વન વિભાગ ના સહયોગ થી આર. આર. મેહતા કોલેજ ઓફ સાયન્સ અને સી. એલ પરીખ કોલેજ ઓફ કોમર્સ ના આધ્યાપકો દ્વારા વૃક્ષા રોપણ કાર્યક્રમ માં ભાગ લીધો હતો જેનો ઉદેશ્ય જણાવતા ડૉ. હરેશ ગોંડલીયા કહ્યું હતું કે "આ ધરતી આપણી માતા છે જે આપણને હવા,પાણી,રહેઠાણ અને ખોરાક પૂરો પાડે છે તો આપણી પણ નૈતિક ફરજ છે પૃથ્વી ને કઈક અર્પણ કરી એનું ઋણ અદા કરીએ માટે દરેક વ્યક્તિ એ આવા કાર્યક્રમ કરી આ સમાજમાં પર્યાવરણ વિષે જાગૃતિ લાવવી જોઈએ" વધુમાં આ કાર્યક્રમાં વન વિભાગ તરફ થી શ્રી મહેશભાઈ ચૌધરી, શ્રી નાગજીભાઈ ચૌધરી તેમજ નેચર એજ્યુકેશન કેમ્પેનર શ્રી વિપુલ કરણાવત તેમજ કોલેજ તરફ થી ડૉ. આર. ડી. વરસાત, શ્રી ડી. એન પટેલ, ડૉ ધ્રુવ પંડયા, ડૉ જ્યોતીન્દ્ર માહ્યાવંશી, ડૉ અનિલ પરમાર અને શ્રી મિલન દવે તદઉપરાંત રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ ના પાલનપુર વિભાગ ના સહકાર્યવાહ શ્રી નાનજીભાઈ ચૌધરી અને શ્રી હાર્દિકભાઈ ઉપસ્થિત રહી આ કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

This article is about faculty members of R. R. Mehta College of Science and C. L. Parikh College of Commerce participating in the tree plantation program.
Date: 29/6/2023
Purpose of the programme: Being the birthday of Dr. Haresh Gondaliya, Department of Botany
Plantation Site: Balaram to Ujani Griha, Banaskantha
Collaborating Institution: Balaram Forest Dept.

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

## આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ તથા સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુરમાં સોસાયટી ફોર બડિંગ બાયોલોજીસ્ટ તથા ગ્રંથાલય અને માહિતી વિભાગ દ્વારા કાર્યશાળાનું આયોજન



તસવીર-અહેવાલ : ભીખાલાલ પ્રજાપતિ

**(બનાસ ગૌરવ) તા.૨૧**

■ સોસાયટી ફોર બડિંગ બાયોલોજીસ્ટ તથા ગ્રંથાલય અને માહિતી વિભાગ, આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ તથા સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર દ્વારા તૃતીય વર્ષ બોટની ના વિદ્યાર્થીઓ માટે એક કાર્યશાળા નું આયોજન કરવામાં આવેલ કે જેમાં ગ્રંથાલય અને માહિતી વિભાગના વડા ડૉ. સમીર ચૌધરી દ્વારા ગ્રંથાલયની કાર્યશૈલીથી વિધાર્થીઓને માહિતગાર કર્યા. ગ્રંથાલયનો ઉપયોગ કઈ રીતે કરવો, પુસ્તકો કઈ રીતે શોધવા, ગંથાલયના વેબબ્લોગ તથા ઈ-ગ્રંથાલયની સેવાઓ જેવીકે ઈ-પુસ્તક, ઈ-જર્નલ અને એનલિસ્ટનો વધુમાં વધુ ઉપયોગ કરી સંશોધનાત્મક લેખ લખવા અનુરોધ કર્યો હતો.

વિદ્યાર્થીઓને કબાટમાં તેમજ કોમ્પ્યુટરમાં જરૂરી ગ્રંથાલયસેવા ત્વરિત કઈ રીતે મળે તેનાથી માહિતગાર કર્યા અને વિદ્યાર્થીઓ લાભાન્વિત થયા હતા. આ સાથે કાર્યશાળામાં બીજા વિદ્યાર્થીઓ તથા બોટની વિભાગનાં સહાયક પ્રાધ્યાપકો ડૉ. હરેશ ગોંડલીયા તથા ડો. ધ્રુવ પંડ્યા એ વિધાર્થીઓને બોટની વિષયના પુસ્તકો વિશે માહિતગાર તેમજ તેના ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા હતા આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

This article is regarding the workshop organized by Society for Budding Biologists and Library and Information Department of R. R. Mehta College of Science and C. L. Parikh College of Commerce, Palanpur.

Date:19/6/2023

Beneficiary Students: Third Year B.Sc. Botany Students

Work carried out in the workshop: Head of Library and Information Department Dr. Samir Chaudhary informed the students about the working of the library including how to use the library, how to search for books, how to make the most of the library's web blog and e-library services like e-books, e-journals and how to write research articles.

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

## સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, પાલનપુર ખાતે નવમા યોગ દિવસ ઉજવણી કરવામાં આવી



(બનાસ ગૌરવ) તા.૨૧ ■ બનાસકાંઠા ડિસ્ટ્રિકટ કેળવણી મંડળ સંચાલિત આર. આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર ખાતે આજ તારીખ ૨૧/૦૬/ ૨૦૨૩ ના રોજ નવમા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં. જેમાં કોલેજના પ્રિન્સીપાલ ડૉ. યોગેશ બી. ડબગર તથા કોલેજના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. યોગ દિવસ ઉજવણી કાર્યક્રમમાં કોલેજના એન.એસ.એસ. તથા એન.સી.સી.ના વિદ્યાર્થીઓ સહિત ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ યોગાસન કર્યા હતા.

કાર્યક્રમમાં યોગ નિષ્ણાત તરીકે નીયન્તાબેન જોશી ઉપસ્થિત રહયા હતા તથા જુદા જુદા યોગાસનો કરાવ્યા હતા. આર્ટસ કોલેજના પ્રોફેસર તથા યોગ નિષ્ણાત ડૉ. મિહિર દવેએ કાર્યક્રમની રૂપરેખા સમજાવી અને યોગ અને યોગના દરેક આસનનું આપણા આરોગ્ય સાથેનું મહત્વ સમજાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંકલન પ્રો. આર.ડી. વરસાતે કર્યુ હતું.

This report is about 9th World Yoga Day celebrated at Science and Commerce College, Palanpur.

Date: 21/6/2023

Program participants: 300 students including NSS volunteers and NCC cadets along with teaching and non-teaching staff

Yoga Expert: Ms.Niyantaben Joshi

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

## સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ પાલનપુર ખાતે ગ્રાહક સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

જનસેતુ,પાલનપુર,તા.૨૬ : બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર. આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુરનાએન.એસ.એસ. યુનિટ તથા બનાસકાંઠા ગ્રાહક સુરક્ષા, શિક્ષણ અને સંશોધન મંડળ પાલનપુરના સંયુક્ત ઉપક્રમે આજ તારીખ ૨૬ / ૦૬/૨૦૨૩ ના રોજ ગ્રાહક સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ યોજાયો. જેઅંતર્ગત ગ્રાહક સુરક્ષા મંડળના બનાસકાંઠા ખાતેના મંત્રી અને તંત્રી શ્રીમતી પૂર્ણિમાબેન મહેતાના વ્યાખ્યાનનુંઆયોજન કરવામાં આવ્યું. જેમાં ગ્રાહક સુરક્ષાને લગતા વિવિધ કાયદાઓ વિષેનીસચોટ તથા રસપ્રદ માહિતી ઉદાહરણ સાથે આપવામાં આવી. કાર્યક્રમમાં૧૩૦ જેટલા વિદ્યાર્થીઓએ વ્યાખ્યાનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો તથા સવાલ જવાબ કરી જરૂરી માહિતી મેળવી હતી .



કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સીપાલ ડૉ. યોગેશ બી. ડબગર સાહેબ ઉપસ્થિત રહ્યા તથા પ્રાસંગિક ઉદ્બોધનકરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કાર્ય હતા તેમજ પ્રો. ડી.એન પટેલ, ડૉ.કે.કે. માથુર, પ્રો. સુનીલ ચૌધરી, ડૉ. શીતલ ચૌધરી, પ્રો. હેતલ રાઠોડ તથા ફાઈન આર્ટસ કોલેજમાંથીગણેશભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન તથા સંચાલનપ્રો. આર.ડી. વરસાતે કર્યું હતું.

વાવાઝોડાના કારણે
રાત પ્રદેશ કોંગ્રેસ
ઉપર નીરીક્ષણ કરાય

This article is about the Consumer Protection Awareness Program organised at Science and Commerce College, Palanpur.
Organized jointly by NSS Unit and Banaskantha Consumer Protection, Education and Research Mandal, Palanpur
Date: 26/6/2023
Speaker: Mrs. Purnimaben Mehta, Secretary and Editor at Banaskantha, Consumer Protection Board
Number of students attending the lecture: About 130

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

# સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ પાલનપુરમાં વિશ્વ પર્યાવરણ દિવસ ની ઉજવણી કરવામાં આવી

● વાત્સલ્યમ્ સમાચાર

● સુભાષભાઈ વ્યાસ પાલનપુર



પાંચમી જૂન વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આર આર મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોલેજ ઓફ કોમર્સ દ્વારા સંચાલિત નેચર ક્લબ દ્વારા પાંચ જૂન ૨૦૨૩ ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બીએસસીના ૫૦ જેટલા વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રો તથા પ્રિન્સિપાલ શ્રી ઉપસ્થિત રહ્યા. શરૂઆતમાં નેચર ક્લબ સંયોજક સુરેશ પ્રજાપતિ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની મહત્તા અને વર્તમાન સ્થિતિમાં પર્યાવરણમાં થતા મોટા ફેરફારોથી જીવ સૃષ્ટિ સામે જે પર્યાવરણીય સમસ્યાઓ ઊભી થઈ છે તેને કેવી રીતે અટકાવી શકાય અને દરેક જીવ માટે સમતુલિત પર્યાવરણ મળી રહે તે માટે વૃક્ષો અને પાણી જીવન માટે બહુ મૂલ્ય છે તે બાબત સમજ આપવામાં આવી. ઉપરાંત કોલેજ નેચર ક્લબ ની વિવિધ પ્રવૃત્તિઓ અને પર્યાવરણ જાગૃતિના કેટલાક ખ્યાલો પણ વિદ્યાર્થીઓ સમક્ષ રજુ કરવામાં આવ્યા. સાથે સાથે પ્રિન્સિપાલ ડો વાય બી ડબગર દ્વારા પર્યાવરણ સમતુલા અને વૃક્ષારોપણ તથા વૃક્ષ જતન કરી માનવ જાતિ અને સૃષ્ટિ ના જીવો માટે આપણે સૌ સંકલ્પ બધ્ધ બનીએ તે બાબત આહવાન કરવામાં આવ્યું. દિનપ્રતિદિન ક્લાઈમેટ ચેન્જની અસરો ના લીધે વરસાદની અનિયમિતતાઓ તથા આબોહવામાં થતા અસામાન્ય ફેરફારોના લીધે જીવ સૃષ્ટિ પર જે સંકટ વધતા જાય છે તે બાબત પર ખયાલ આપવામાં આવ્યો. ત્યાર પછી બોટનિકલ ગાર્ડનમાં વિદ્યાર્થીઓને મુલાકાત કરાવી ડૉ એમ કે પટેલ દ્વારા વૃક્ષોનો મહિમા અને વૃક્ષ ઉછેર બાબત વિદ્યાર્થીઓને જાગૃત કર્યા.આ પ્રસંગે પ્રો. પી વી મોઢ, ડૉ એમ આર સોલંકી, ડૉ અંકિતા ચૌધરી, મિલન દવે અને ડૉ જ્યોતિન્દ્ર મ્હાયાંશી ઉપસ્થિત રહી વિદ્યાર્થી ઓ ને પ્રોત્સાહિત કર્યા હતા

The article is about World Environment Day, celebrated at Science and Commerce College, Palanpur.
Date: 5/6/2023
Program Participants: Around 50 students of B.Sc and staff members
Speaker: Dr.Suresh Prajapati, Coordinator, Nature Club and Dr. YB Dabgar, Dr. M. K. Patel
Place Visited: Botanical Garden

**5.3.2 - Institution facilitates students' representation and engagement in various administrative, co-curricular and extracurricular activities (student council/ students representation on various bodies as per established processes and norms )**

---

# પાલનપુર ખાતે યોગ દિવસ ઉજવણી અંતર્ગત કોલેજમાં સૂર્યનમસ્કાર કાર્યક્રમ યોજાયો




● વાત્સલ્યમ્ સમાચાર
● સુભાષભાઈ વ્યાસ પાલનપુર

બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર. આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર ખાતે આજ રોજ ૧૭ જૂન ના રોજ નવમા વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગ રૂપે આજે સવારે ૭.૪૫ વાગ્યે સૂર્ય નમસ્કારનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો. જેમાં કોલેજના પ્રિન્સીપાલ ડૉ. યોગેશ બી. ડબગર તથા કોલેજના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક કર્મચારીઓએ વરસાદ અને બીપરજોય વાવાઝોડાના માહોલ હોવા છતાં પણ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો તથા કોલેજના વિદ્યાર્થીઓ ગુગલ મીટના માધ્યમથી ઓન લાઈન જોડાયા હતા.કાર્યક્રમમાં યોગ નિષ્ણાત તરીકે નીયન્તાબેન જોશી ઉપસ્થિત રહયા હતા તથા સૂર્યનમસ્કાર કરાવ્યા હતા. આર્ટસ કોલેજના પ્રોફેસર તથા યોગ નિષ્ણાત ડૉ. મિહિર દવેએ કાર્યક્રમની રૂપરેખા સમજાવી તથા યોગ અને સૂર્ય નમસ્કારનું આપણા આરોગ્ય સાથેનું મહત્વ સમજાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન તથા સંચાલન પ્રો. આર.ડી. વરસાતે કર્યું હતું.

---

The article is about Surya Namaskar program organised at Science and Commerce College, Palanpur on the occasion of World Yoga Day.
All teaching and non-teaching staff participated in the celebration and students joined online through Google meet due to rain and Biparjoi cyclone conditions.
Date: 17/6/2023
Purpose: To celebrate Ninth World Yoga Day